# અધ્યાત્મ



## યજ્ઞોપવીત વિશેષાંક

વર્ષ : ૪૭, જૂન ૨૦૨૫ અંક : ૯

|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રીનારાયણ જાની

**સંપાદક :** શ્રીતરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'


ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ **૮-૦૦**। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :


**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

# ॥ આત્મખોજની અખંડ ધારા ॥

મહાન ગુરુ બોકોજુ પાસે એક શિષ્ય આવ્યો. તેણે પૂછ્યું; 'આપણે દરરોજ ખાઈએ-પીએ છીએ. કપડાં પહેરીએ છીએ. હવે આ બધાંમાંથી છૂટી કેવી રીતે જવાય ? આત્માની ખોજમાં શું આ બધું આડે ન આવે ?'

બોકુજુએ કહ્યું; 'સહેલો રસ્તો એ છે કે, દરરોજ ખાવું-પીવું, દરરોજ કપડાં પહેરવાં.'

શિષ્યે કહ્યું; 'આનો અર્થ સમજાતો નથી.'

બોકુજુ બોલ્યા : 'જો આમાં કાંઈ જ સમજાતું ન હોય તો તું પહેલાં ખાઈ-પી લે, તારાં કપડાં પહેરી લે.'

આનો અર્થ એ છે કે, મરીને કલ્યાણ થઈ શકે નહિ. સાધના તો જીવતાં જ કરવાની હોય છે અને જીવવા માટે ખાવું-પીવું જોઈએ. પરંતુ તેમાં મનને આસક્ત કરવું નહિ, આત્મલક્ષી રાખવું.

બધાં કાર્યોની સાથે 'આત્મખોજ' અખંડ ધારાની જેમ ચાલવી જોઈએ.

**–ઝેનકથા**

**(સં. નીલરત્ન દેસાઈ)**

|| ૐ યોગેશ્વરાય નમઃ ||    || ૐ 'મા' સર્વેશ્વર્યૈ નમઃ ||

# જૂન ૨૦૨૫

# || યજ્ઞોપવીત વિશેષાંક ||

(ભાગ–૧)

સંસારનો અર્થ છે–'આ પણ જોઈએ અને તે પણ જોઈએ.' સંન્યાસનો અર્થ છે–'આ પણ નહિ, તે પણ નહિ.' મનુષ્ય જ્યારે છોડવાના ભાવમાં ઊંડો ઊતરતો જાય છે ત્યારે ધીરે ધીરે ત્યાં આવી પહોંચે છે, જ્યાં 'શાશ્વત અમૃત' તેના 'અંતરમાં બી'ની જેમ પડ્યું છે : જ્યાંથી 'બધો વિકાસ' સંભવે છે.

**–ઓશો**

# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૭ |
| ૧ શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨ 'જનોઈ-યજ્ઞોપવીત'નું માહાત્મ્ય | સંકલન | ૯ |
| ૩ 'સ્વર્ગારોહણ'નો મંગલ મહોત્સવ | શ્રી 'મા' સર્વેશ્વરી | ૧૧ |
| ૪ અવસર અનેરો | શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી | ૨૨ |


## ॥ ઉપસ્થિત બટુક-પરિવારોના પ્રતિભાવો ॥


| | |
|---|---|
| ૧ બટુક ધૈર્ય | શ્રી હીરલ-તેજસ ઠાકર |
| ૨ બટુક નિત્ય | શ્રી મોના-નિકુંજ જોશી |
| ૩ બટુક વચન | શ્રી રુતા-નિર્મલ જોશી |
| ૪ બટુક વરદ | શ્રી પૂજા-વૈભવ ભટ્ટ |
| ૫ બટુક વિયાન | શ્રી શામિકા |
| ૬ બટુક વિહાન | શ્રી અમી જોશી |
| ૭ બટુક શુભમ્ | શ્રી અમી-જયેશ ગાયકર |
| ૮ બટુક શ્લોક | શ્રી પૂજા-વિરલ માવાણી |
| ૯ બટુક હેત | શ્રી રુત્વી-જાગ્રત જાની |

## **નિવેદન** : પ્રભુકૃપા હી કેવલમ્ ('મા' કૃપા હી કેવલમ્)

હજારો વર્ષોથી કાળની અનેક થપાટો વચ્ચે અણનમ રહેલી 'ભારતીય સંસ્કૃતિ' આજે એક વિચિત્ર પરિસ્થિતિનો સામનો કરી રહી છે. આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાને, આપણી ઉજ્જવળ પરંપરાઓને, આપણા જ્વલંત ઈતિહાસને આપણી નવી પેઢી વિસરી રહી છે. નરી ભૌતિકવાદી દૃષ્ટિને કારણે 'અસ્મિતાના અભાવનો રોગ' વકરી રહ્યો છે. આપણા દેશનાં ગૌરવ-ગરિમા સાચવવા, સાચા અધ્યાત્મની દિશામાં નવી પેઢીને વાળવા પ્રત્યેક ભારતીય નાગરિકે પ્રયત્નશીલ બનવાનું છે. સાચા સંતો, સુજ્ઞ જનો 'સાંસ્કૃતિક અસ્મિતા' સમાજમાં જગાડવાના ભવ્ય પુરુષાર્થમાં લાગી ગયા છે.

'ઓરડામાં અંધારું છે,' અસ્મિતાનો અભાવ છે એમ બૂમો પાડવાથી એ જાય નહિ. એનો ઉપાય 'દીવો પેટાવવો' એ છે. પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરી આ 'યજ્ઞોપવીત પર્વ' દ્વારા એ જ સૂચવી રહ્યાં છે કે જે કંઈ નિષેધાત્મક, વિઘાતક છે એ ચાલ્યું જવાનું છે. જે વાસ્તવિક છે, રચનાત્મક છે તે જ સદાકાળ રહેવાનું છે. એટલે પ્રકાશને અવસર આપતાં અંધકાર એની મેળે અદૃશ્ય થઈ જશે. આત્માની શક્તિ બહાર લાવી, ચોમેર ઠાલવી દેતાં દિવ્યતા પ્રગટ થશે. પછી સર્વ શુભ તત્ત્વો એની આસપાસ, એના મેળમાં ગોઠવાઈ જશે.

પ્રત્યેક ધાર્મિક-આધ્યાત્મિક અભિયાનનો મૂળ મંત્ર છે : 'પ્રભુતા સ્વયંમાં પ્રગટાવી, પ્રભુને ઓળખો, જાણી લો.' જો કે, પ્રભુ આપણા માટે બહુ દૂરનો શબ્દ છે. એ આપણા માટે દૂર છે પણ આપણે પ્રભુથી દૂર નથી, છતાં દૂર લાગે તો 'મા' જેવા સદ્‌ગુરુ ઉપયોગી થઈ શકે છે. એ આપણા જેવા છે પણ આપણાથી ઘણા વિશેષ છે. આપણે જે નથી જાણ્યું તે એમણે જાણી લીધું છે. તેથી તેઓશ્રી આપણું ભવિષ્ય છે, આપણી તમામ સંભાવનાઓનું દ્વાર છે.

'સ્વર્ગારોહણ'માં પૂ.શ્રી'મા' દ્વારા આયોજિત 'યજ્ઞોપવીત' અવસરમાં ભવ્યાતિભવ્ય, દિવ્ય, અલૌકિક પવિત્ર, મંગલ તત્ત્વનો આવિર્ભાવ ત્યાંના કણકણમાં જે અનુભવાયો તેના પર સ્વયં પ્રભુના હસ્તાક્ષર હતા ! એનું એકમાત્ર કારણ પૂ.શ્રી'મા'નો બેજોડ, બેમિસાલ પ્રેમ. 'એક સંપૂર્ણ અનાસક્તનું પૂર્ણ અનુરક્ત હૃદય !' અદ્‌ભુત પ્રભુશ્રદ્ધા અને અતિ અદ્‌ભુત 'વિશ્વકલ્યાણની ભાવના !'

## ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

**તા.૬/૬/૧૯૮૩, સોમવાર. વૈશાખ વદ દસમ, વિ.સં.૨૦૪૦**
**સ્થળ : દહેરાદૂનથી મસુરી.**

દહેરાદૂનથી મસુરી ૨૪ કિલોમીટર દૂર છે. હજાર ફૂટની ઊંચાઈ ઉપર પહાડી માર્ગે જવાનું હતું. તે પહેલાં શ્રીલલિતાપ્રસાદજીએ સૌને ભોજન કરાવ્યું. ભોજન બાદ દસ વાગ્યે દહેરાદૂનના ટાગોર પાર્કના લલિતાપ્રસાદજીના ઘરમાંથી વિદાય લીધી. ત્યારે લલિતાપ્રસાદે પોતાના પરિવારના નાના મોટા બધા સભ્યોને બોલાવી લીધા. સૌએ પ્રણામ કર્યા.

મસુરી એક કલાકમાં આવી ગયા. શ્રીરતનલાલજી તથા શ્રીવાચસ્પતિજી સાથે ગાંધીનિવાસમાં આવી ગયા. બાકીના સૌ નંદવીલા હૉટલમાં ઉતર્યા.

બપોરે ૨ થી ૩ પૂ.શ્રીનાં દર્શને સૌ આવ્યા. ત્યારે પૂ.શ્રીએ મસુરીમાં શું શું જોવાનું છે તેની વાત કરી. સાંજે પણ છ પછી સત્સંગ શરૂ થયો. જેમાં થોડી પ્રશ્નોત્તરી થઈ.

૧. સૂક્ષ્મ જીવો ખોરાકમાં શું લે છે ?

૨. સૂક્ષ્મ જીવો પાછળ થતું શ્રાદ્ધ કોને મદદરૂપ થાય છે ?

પૂ.શ્રીએ કહ્યું : 'સૂક્ષ્મયોનિના જીવોને સ્થૂળ આહારની જરૂર નથી પડતી. તેઓ વાસ જ લે છે. સૂક્ષ્મયોનિ પાછળ થતી શ્રાદ્ધ ક્રિયા જીવતાં ને તો મદદ પહોંચાડે જ ને !'

સાંજે દૂધ પીને આરામ કર્યો.

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

# ॥ જનોઈ-યજ્ઞોપવીત સંસ્કારનું માહાત્મ્ય ॥

યજ્ઞોપવીત એક પ્રકારની રહસ્યમય શક્તિનું પ્રતીક છે. યજ્ઞ માટેનું ઉપવીત અર્થાત્ ઉપવસ્ત્ર એટલે યજ્ઞોપવીત અર્થાત્ જનોઈ. યજ્ઞ કરતી વખતે જ તે પહેરવામાં આવતું, પણ તેના સ્થાને સૂતરના ત્રણ તંતુ પણ ચાલે એમ આપસ્તંબ ધર્મસૂત્રમાં જણાવાયું. તે પછી કેવળ યજ્ઞ માટે જ પહેરવામાં આવતું સૂત્ર રોજ પહેરવાનો પ્રારંભ થયો.

જનોઈ એ યજ્ઞોપવીત સંસ્કારવિધિ બાદ ડાબા ખભે ધારણ કરવામાં આવે તે ત્રણ સૂત્રનું પ્રતીક. તે દ્વિજનું લક્ષણ કહેવાય છે. દ્વિજ એટલે બે જન્મવાળો; એક માતા-પિતા દ્વારા અને બીજો ગુરુગૃહે શિક્ષા અને સંસ્કાર દ્વારા જન્મ પ્રાપ્ત થાય તે.

જનોઈનાં ત્રણે સૂત્રો હોય છે, તે દર્શાવે છે કે જન્મ લેતાં જ મનુષ્ય માથે ત્રણ પ્રકારનાં ઋણ ચડી જાય છે : દેવઋણ, ગુરુઋણ, પિતૃઋણ. ત્રણેનું સદા સ્મરણ કરાવનાર પ્રતીક એ જ જનોઈ.

જનોઈ પહેરનારના પૂર્વજોમાં જેટલા પ્રવર હોય તેટલી ગાંઠો પાડવામાં આવતી. જનોઈની ત્રણે દોરીની કુલ લંબાઈ ચાર આંગળીની પહોળાઈથી ૯૬ ગણી હોવી જોઈએ (જે માણસની સરેરાશ ઊંચાઈ જેટલી-સાડા પાંચ ફૂટથી છ ફૂટ સુધીની હોય છે.) ચાર આંગળી અર્થાત્ તુરીય અવસ્થા સહિત ચાર અવસ્થા અનુભવે છે તેવા આત્માનું પ્રતીક છે. માનવનું સરેરાશ આયુષ્ય ૧૦૦ વર્ષનું ગણીએ તો ચોથા વર્ષ પછી આપવામાં આવતી જનોઈની દોરીનું ૯૬ ગણું માપ સૂચવે છે કે ‘હવે ચાર વર્ષ વીતી ગયાં છે, ૯૬ બાકી છે. અધ્યાત્મના પ્રકાશ તરફ આગળ વધ.’

વળી, સત્ત્વ, રજ, તમ વગેરે ત્રણ ગુણોનું પ્રતીક માનીને તેનો ગોળ આકાર ત્રિગુણાત્મક પ્રકૃતિ-જે ભગવાનની માયા તેના વડે જીવમાત્ર આવૃત્ત છે, બંધાયેલા છે, તે દર્શાવે છે. ત્રણ સૂત્રો પર ત્રણ વેદની સ્થાપના થાય છે. મનુષ્યે આંતરિક શૂદ્રતા ને મલિનતાથી મુક્ત થઈ, ત્રિગુણથી પર બ્રહ્મનિષ્ઠ થવું જોઈએ, તે વાત જનોઈ પર આવતી

ગાંઠ દ્વારા સૂચિત થાય છે. આથી, આ ગાંઠને 'બ્રહ્મગ્રંથિ' પણ કહે છે, જેના પર અથર્વવેદની સ્થાપના કરાય છે.

જનોઈ મળ્યા પછી મનુષ્યનો 'બીજો જન્મ થયો' અર્થાત્ તે 'દ્વિજ' થયો કહેવાય છે, તેને 'ઉપનયન' પણ કહેવામાં આવે છે. તેનો અર્થ છે : 'પાસે - સંનિકટ લઈ જવું.'

હિરણ્યકેશિગૃહ્ય કહે છે : ગુરુ બટુકને પાસે બોલાવે છે - 'હું બ્રહ્મચારી થયો છું. મને વેદો પાસે (વેદજ્ઞાન પ્રાપ્ત કરવા) લઈ જાવ.'

આમ, ઉપનયનના બે અર્થો સાંપડે છે : એક આચાર્ય પાસે વિદ્યાપ્રાપ્તિ માટે જવું તે ઉપનયન નામે સંસ્કાર, જે આચાર્ય પાસે જવાની યોગ્યતા અર્પણ કરે છે. પૂર્વે તો વેદની ઉપાસના કરી, વૈદિક સિદ્ધાંતો જીવનમાં ઉતારવાની પ્રતિજ્ઞા લેનારને જ આ ઉપનયન સંસ્કાર કરવામાં આવતા. (હવે તેવું રહ્યું નથી).

બટુકને લંગોટી પહેરાવાય છે, તે વિષયવાસનાને કાબૂમાં રાખવાના જાણપણા માટે છે. બ્રહ્મચર્યની શક્તિનું નિર્માણ કરવા માટે છે. કમર પર બંધાતી મેખલા એ સૂચવે છે કે આજથી કમર કસીને જ્ઞાન સંપાદન કરીશ. બટુકના હાથનો દંડ એ સ્વેચ્છાએ શિક્ષા સહન કરવાની તત્પરતાનું ચિહ્ન છે, એને જાગરુકતાના પ્રતીક તરીકે ઓળખવામાં આવે છે. દંડની જેમ સીધા-સરળ વર્તવાનો બોધ પણ તેમાંથી મળે છે.

જનોઈના નવતંતુ પર ક્રમશઃ ૐકાર, અગ્નિ, નાગ, સોમ, પિતૃઓ, પ્રજાપતિ, વાયુ, યમ અને વિશ્વદેવતાઓનું આહ્વાન કરવામાં આવે છે, જે જીવનને અંકુશમાં વર્તાવવા મદદરૂપ બને છે.

મનુષ્ય ગમે તે વર્ણમાં હોય, પરંતુ તેનો સ્વભાવ તેને શૂદ્ર કે મહાન બનાવે છે. આથી, જનોઈ દ્વારા એ સંદેશ હિંદુ સંસ્કૃતિએ આપ્યો હતો કે કોઈ હિંદુ શૂદ્ર રહેવો ન જોઈએ. પરંતુ કાળક્રમે યજ્ઞોપવીત સંસ્કાર એ કેવળ અમુક વર્ણોના મનુષ્યોને જ અપાતા સંસ્કાર તરીકે રૂઢ થઈ ગયો છે.

**—સંકલન**

# ।। 'સ્વર્ગારોહણ'માં મંગલ મહોત્સવ ।।

**('ના દેખાયા, ના ઓળખાયા છતાંય પર્વના પ્રત્યેક કાર્યમાં પરમાત્મા પથરાયા')**

**[પરમ પ્રેમમયી 'મા'નાં વચનામૃત]**

'સ્વર્ગારોહણ'ને આંગણે નવ બટુકોનું યજ્ઞોપવીત સંસ્કારપર્વ છે. જ્યારથી એ પર્વની તારીખ નક્કી થઈ તે ક્ષણથી આજ સુધી સતત કાર્યરત રહેવાયું છે.

એક પર્વની જવાબદારી સ્વીકાર્યા પછી તેને સર્વ શ્રેષ્ઠ રીતે પાર પાડવાની જે પરિશ્રમગાથા છે તેનું પારાયણ પણ પરમાત્માને જરૂરી લાગશે તો કરાવશે.

નવ બટુકોનાં નામ આ રહ્યાં :

| નામ | ઉંમર | ગામ |
|---|---|---|
| ૧ વિહાન અમિતભાઈ જોશી | ૧૩ | (અંકલેશ્વર) |
| ૨ નિત્ય નિકુંજભાઈ જોશી | ૧૨ | (વડોદરા) |
| ૩ વરદ વૈભવભાઈ ભટ્ટ | ૧૩ | (મુંબઈ) |
| ૪ શ્લોક વીરલભાઈ માવાણી | ૦૯ | (મુંબઈ) |
| ૫ શુભમ્ જયેશભાઈ ગાયકર | ૦૯ | (સીંગાપોર) |
| ૬ વિયાન મિહીરભાઈ ત્રિવેદી | ૦૮ | (ઓસ્ટ્રેલિયા) |
| ૭ હેત જાગ્રતભાઈ જાની | ૦૮ | (સૂરત) |
| ૮ ધૈર્ય તેજસભાઈ ઠાકર | ૦૭ | (મુંબઈ) |
| ૯ વચન નિર્મલભાઈ જોશી | ૦૫ | (વડોદરા) |

હા. આપણા મુંબઈના યજમાન શ્રીહરગોવિંદભાઈ ભટ્ટના પુત્ર શ્રીઅનિલભાઈ ભટ્ટ છેલ્લા બે ત્રણ વર્ષથી વારંવાર એક જ વાત કરતા હતા. હે 'મા' ! આપણા વૈભવના દીકરા વરદની જનોઈ અહીં સ્વર્ગારોહણમાં આપવી છે. અને

એમના આવા આગ્રહ સામે પરમાત્માએ આ પર્વના બીજરૂપે એ અનિલભાઈને પસંદ કર્યા.

એકના મનનો શુભ વિચાર કેવું વટવૃક્ષ બનીને વિસ્તર્યું એની જ આ વાત ચાલી રહી છે.

એક પછી એક નામ વિવિધ દિશામાંથી અનિલભાઈએ મેળવ્યાં અને તે પછી તારીખ નક્કી થઈ.

જેવી તારીખ નક્કી થઈ તરત જ ૨૦૧૩ના એવા પર્વની સ્મૃતિ થઈ ત્યારે બાળકોને શું શું અપાયેલ તેની યાદી જે તે સ્વજનો પાસે મેળવી. અને પછી કાર્ય સોપાતાં ગયાં એકલે હાથે તો આ પર્વ શી રીતે પાર પડે ? અનેકના સહયોગથી પરમાત્માએ આ પર્વનો પ્રારંભ કર્યો.

એ પર્વમાં પૂજા તો હોય જ. તો શ્રી સ્નેહલભાઈનો સંપર્ક કરી બીજા ૧૦ ભૂદેવો પૂજાકર્મના સહાયક પણ મળી ગયા.

તે પછી બટુકોનાં વસ્ત્રો, બટુકોને આપવાની વિવિધ વસ્તુઓ, અરે પર્વ નિમિત્તે બાળકોના ફોટાવાળા બૅનરો, દરેક બટુકોના કેટલાં સગાં સ્નેહીઓ પધારશે તેની યાદી, અરે દરેકને આપવાની માળા, ગંગાજળ, શાલ પણ હરિદ્વાર જઈને બેન દીપુ તથા બેન સ્તુતિ લઈ આવ્યા. પીતામ્બરી સર્વ ભૂદેવોને આપવાની છે તો ૧૦૮ પીતામ્બરી સૂરતથી દિવ્યેશભાઈ પાસે મંગાવી. રક્ષમામૂના ખેસ કે પૂજામાં મૂકવાનાં સ્વરૂપો સૂરતથી દીપકભાઈ પાસે તૈયાર કરાવ્યા.

શ્રી તારકભાઈ વડોદરાના જે ભોજનક્ષેત્રે કુશળ છે તેમની મંડળી આતિથ્ય ગ્રૂપે એ સેવા સંભાળી. મુંબઈથી બીજલબેન પાસે પુસ્તકો, મંદિરનું સેવાકાર્ય કરાવ્યું, વસ્ત્રો સીવડાવવાનું, ટ્રૉલી બૅગ લાવવાનું કાર્ય મનીષાબેન આશિષભાઈએ સ્વીકાર્યું. અમદાવાદ રાજશ્રીબેને બાળકોના કોટ તૈયાર કરવાનું સ્વીકાર્યું.

કર્પૂરવન અપુભાઈએ ભૂદેવોને આપવાનાં વસ્ત્રો, ક્ષિપ્રાબેને અંગ્રેજી પુસ્તકો, પર્વ માટેનો ચીકીનો પ્રસાદ શ્રી વિજયભાઈ, શ્રી દર્શનભાઈ લાવ્યા, ફોટોગ્રાફી, વીડિયોગ્રાફી હેમલભાઈએ સ્વીકારી.

આ બધી કાર્યવાહી માટે સતત ફોનના સંપર્કો દીપુબેન, ક્ષિપ્રાબેન કરતા રહ્યા. વૈભવભાઈ તથા ક્ષિપ્રાબેન ગ્રૂપ બનાવી વોટ્સઅપ દ્વારા સૌને સંદેશાઓ પહોંચાડી, વારંવાર માહિતી ફોટા મંગાવવાની કાર્યવાહી સ્વીકારી.

આ આખું પર્વ ભૂદેવોનું છે. માટે એક પણ ભૂદેવનું આર્થિક યોગદાન નથી લેવાનું એવો સહજ વિચાર પરમાત્માએ આપ્યો. વળી એક પણ વ્યક્તિ પાસે સીધી કે આડકતરી રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માગણી નથી કરવાની એવું પણ સંકલ્પબળ પરમાત્માએ જ ધર્યું.

અને પર્વનો કાર્યભાર પરમાત્માએ સહજ રીતે ઉપાડી લીધો. સોંપવો પણ પડ્યો નથી. પરમાત્માને હાથ જોડીને પ્રાર્થના કે કાલાવાલા, વિનંતી કે અરજી પણ કરવી ના પડી.

બધું આપોઆપ ગોઠવાતું ગયું. સહજ રીતે નાની મોટી સર્વ વસ્તુના હિસાબ થતા ગયા. દરેકને તે ચૂકવાતા ગયા. આર્થિક ભાર કોઈ એકના પણ મસ્તકે મૂક્યા વગર આ બધો દૈવી વ્યાપાર પ્રારંભ પામ્યો.

સ્વર્ગારોહણની સામેનો પ્લૉટ પણ ભાડે મળી ગયો. શ્રીરાજુભાઈ, સ્નેહલભાઈએ એ બધું ગોઠવી દીધું.

કેટકેટલા હાથ, કેટકેટલાનો સહયોગ જાણે પરમાત્માએ પોતાના વિશ્વરૂપનાં દર્શન કરાવી હજાર હાથે પ્રારંભ કર્યો.

અને જ્યાં જ્યાં પરમાત્માનો દૈવી કારભાર હોય ત્યાં માનવ માત્ર વામનરૂપ ધરી, ટચલી આંગળીએ ગોવર્ધન ઊંચકવાનો અભિનય શરૂ કરે.

પરમાત્માએ સૌનો સહયોગ ધર્યો, સૌને સેવામાં જોડ્યા જાણે સેવાથી સૌ શુદ્ધ થતા રહ્યા. પરમાત્માએ જ રૂપિયા, આના, પાઈનો હિસાબ કરી એક એક ક્ષેત્રનું બધું જ ચૂકતે કરાવ્યું.

સ્વમાન સાથે, માગણ બન્યા વિના પરોક્ષ કે પ્રત્યક્ષ વિનંતી, કાલાવાલા કરાવ્યા વગર પરમાત્માએ પોતાની અલૌકિક શક્તિ દ્વારા પર્વ પાર પાડવાનું પ્રસન્નતાથી સ્વીકારી લીધું. ના દેખાયા, ના ઓળખાયા છતાં પર્વના પ્રત્યેક કાર્યમાં પથરાયેલા પરમાત્માએ પર્વને પોતાનું માન્યું.

વિવિધ સામગ્રીના ઢગ ખડકાયા, બેન દીપુબેન ક્ષિપ્રા, મધુબેન, હસુબેન સૌ તેને ગોઠવતા રહ્યા, નોંધતા ગયા. વિભાગ પાડતા ગયા, સ્વર્ગારોહણની એ સેવા કરતાં કરતાં જાણે ઘસાઈને ઉજળા થવાનું પર્વ ઉજવતા ગયા.

અનેકના તનના, મનના સહયોગ સામે પરમાત્માએ ધનનો ભંડાર છલકાવી દીધો.

સત્કર્મનો આ યજ્ઞ જાણે પરમાત્માના પ્રદેશનો બની ગયો. બધું જ સોપાતું ગયું. બધું જ આવતું ગયું, બધું જ ગોઠવાતું ગયું. નોંધાતું ગયું. બેન દીપુએ વિવિધ વિભાગો પાડી આયોજન શરૂ કર્યું, અને પર્વને શ્રેષ્ઠ રીતે પાર પાડવાના મનોરથો સેવ્યા.

તા.૧૪ થી સ્વજનો, જનોઈના બટુકોનું આગમન થતું ગયું. સૌ પૂછતા રહ્યા 'મા' કંઈ સેવા હોય તો કહેજો. અરે ! પર્વના પડદા પાછળ તો સેવાકાર્ય પરમાત્માએ બે માસથી શરૂ કર્યું છે. રોજ રોજ કલાકો સુધી સેવાકાર્ય ચાલુ જ છે. પૂછનારા તો હવે અતિથિ બનીને પર્વમાં મ્હાલવાના ! પર્વને દીપાવવાનું જ શેષ કાર્ય સંભાળશે. બે માસથી તૈયારી ચાલતી હતી, ગોઠવાઈ ગયું હતું દેવના દ્વારનો આ તો દૈવી ઉત્સવ હતો. પૃથ્વીપટે આ સંસ્કારપર્વ દેવોએ ગોઠવ્યું હતું. પૃથ્વીપટના સર્વ સ્વજનો તો એ

દેવોના માત્ર રમકડાં હતાં. પસંદગીનાં પાત્રો હતાં.

અહીં પરમાત્માએ એક પણ વ્યક્તિને પેલી પંક્તિ ગાવાની તક ના આપી.

'હું કરું હું કરું
એજ અજ્ઞાનતા
શકટનો ભાર જેમ શ્વાન તાણે.'

પરમાત્માએ જ સઘળું ઉપાડ્યું ગાડા નીચે ચાલી રહેલા શ્વાન દેવતા જો એવું માને કે ગાડુ હું જ ચલાવું છું. તો તે જેમ અજ્ઞાન છે એજ રીતે અહીં આ પર્વનો રથ પરમાત્માએ જ હંકાર્યો છે. ત્યાં કોઈપણ સ્વજન ટાંકણી જેટલો પણ અહંકાર પણ ના રાખી શકે.

'હું કરું હું કરું'
'મેં કર્યું મેં કર્યું.'

મારા વગર આ પર્વ જ ના થાત એવા કોઈ વ્યર્થ પ્રલાપો પરમાત્માએ આ કર્ણપ્રદેશે ના પ્રવેશવા દીધા.

પરમાત્માના નાના નાના હાથ બનીને, નાના નાના પગ બનીને સૌ કીડી જેટલી, ખીસકોલી જેટલી, ટાંકણી જેટલી, ટચલી આંગળી જેટલી પરમાત્માએ સોંપેલી સેવા કરતા રહેતા.

હળવા રહીને, હસતા રહીને આપણું પર્વ છે. આપણો પ્રસંગ છે એવો એક ભક્તિભાવ, નિસ્વાર્થ સેવાનું આકાશ સૌના મનઅંતરે પરમાત્માએ પથરાવ્યું.

દૈવી મન અંતરવાળા, દેવોને જાણે સમર્પિત થયેલાં સ્વજનો પાસે દેવોએ આ પર્વનું પવિત્ર નિઃસ્વાર્થ કાર્ય કરાવી લીધું, પર્વ નિમિત્તે પર્વ પૂરતા સૌ જાણે દેવોના બનીને દેવકાર્ય કરતાં ગયાં.

કેવું અદ્ભુત ! ક્યાંયે પણ અહંકારે માથું ના ઊંચક્યું. જેને જે

જે સોંપાયું તે તે પ્રેમભક્તિની પગદંડી પર પગલાં પાડતાં પાર પાડતાં ગયાં. પ્રત્યેક વ્યક્તિને પરમાત્માએ પોતાનાં કરીને પોતાના આ પર્વનું કાર્ય કરાવી લીધું. કોઈને ભાર ના લાગવા દીધો. હસતાં રમતાં સૌ હરિગુણ ગાતા હરિના કાર્યો કરતાં રહ્યાં.

સૌ હળવા રહ્યા, હસતા રહ્યા, સ્વર્ગારોહણની ડાળ ઉપર કિલ્લોલ કરતાં રહ્યાં.

આવનારા અતિથિઓને આવકારતા રહ્યા. યથાશક્તિ, યથામતિ વધાવતા રહ્યા. ના કોઈ રિસાયા, ના કોઈ ફંટાયા, ના કોઈ સંતાયા સૌ પોતપોતાના સ્થાને ઊભા રહી, પર્વના ખૂણે ખૂણાને દીપાવતા રહ્યા.

અદ્ભુત છે આ દૈવી સખાનો દૈવી કારભાર. જાણે એ સમર્થ દેવવૃંદ પોકાર પાડી પાડીને સૌને ઉઘાડી આંખે કહી રહ્યું છે.

જોઈ લો, આંખ-કાન ઉઘાડાં રાખીને જોઈ લો, સાંભળી લો, હું જે ધારું તે બધું જ કરી શકું છું. પડદા પાછળ રહીને હું જે કરી રહ્યો છું તે સમજી લો. સ્વીકારી લો કે આ પર્વનું નાવ દેવોએ ચલાવ્યું છે. એક પણ નાના-મોટા વિઘ્ન વિના અમે જ પાર પાડ્યું છે. સૌના મન અમે જ સાચવ્યાં છે. સૌનાં તન અમે જ સ્વસ્થ રાખ્યાં છે. સૌનાં ધન પણ અમે જ સંભાળ્યાં છે.

આ એક જ પર્વને વિવિધ દિશાથી, ધ્યાનથી જોઈ લો, તપાસી લો, વિચારી લો કે આ બધું કોણે કર્યું ? નવ બટુકોને નિમિત્ત કરી નવ નાથે જાણે અહીં નંદનવન સર્જ્યું. પ્રેમોત્સવ ઉજવ્યો. પવિત્ર નિસ્વાર્થ પ્રેમનો પ્રસાદ પીરસાવ્યો.

પર્વને આ રીતે પરમની પ્રસાદીરૂપે માણવાની સમજ ધરનાર હે પરમાત્મા, હે પરમસખા ! આપના શ્રીચરણે લક્ષકોટી પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

યજ્ઞોપવીત પર્વનો આ પ્રસંગ જે રીતે પરમાત્માએ પાર

પાડ્યો તે રીતે સાધનાનો મથામણનો મહોત્સવ પણ પાર પાડશે એવી શ્રદ્ધા જાણે દૃઢ થઈ રહી છે.

મથતા રહો, જપતા રહો, તપતા રહો, પોકારતા રહો, સાદ પાડતા રહો.

અરે ! પરમાત્મા કહેશે હે સાધક સ્વજનો, અમે સાંભળનારા બેઠા છીએ. અમે તમારી બધી જ પ્રવૃત્તિઓ નોંધતાં રહીએ છીએ. જેવી જેની મથામણ. જેવી જેની, જેટલી શ્રદ્ધા તે તે સર્વને અમે સમય સમય ઉપર સંતાઈને સાથ ધરતાં જ રહીએ છીએ. ચિંતા કર્યા વગર જે સાધન પકડ્યું છે તેને પ્રત્યેક પ્રભાતે દૃઢ કરતાં રહો.

જાણે આ પર્વ હવે ટાંકણી જેટલી પણ ચિંતા કરવાનો સ્વભાવ છીનવી લેશે.

બધું જ એ સંભાળે છે પછી માત્ર આપણે સ્વીકારવાનું જ કાર્ય શેષ રહે છે.

હે નાથ ! હવે તો એક જ પ્રાર્થના છે. આ મનને અખંડ સ્મરણથી છલકાવી દો, ઉભરાવી દો, નકામું બિનજરૂરી સ્મરણને ફગાવી દો, ઉડાડી દો આ મનઅંતરે આપનો જ મુકામ કરી દો.

'સ્વર્ગારોહણ'ને આંગણે ઉત્સવ છે. વિવિધ દિશાના વિવિધ અતિથિઓ પધારશે. તો બાહ્ય શણગાર પણ જરૂરી છે. એવું માનીને શણગારના સર્વ પદાર્થો યોગતીર્થને ઓટલે ઉતાર્યા છે.

તોરણો, સાથિયા, વિવિધરંગી રોશની અરે સ્વાગતના બૅનર, યજ્ઞોપવિત પર્વના બૅનર નવ બટુકોના વિવિધ અદા સાથેના બૅનરથી સ્વર્ગારોહણ સૌને સત્કારવા પોતે જ સુંદર બની ગયું.

સુંદરતાને વધાવવા સુંદર બનવું પડે. આવનારાં સૌ શ્રેષ્ઠ સ્વજનો છે એમ માની સ્વર્ગારોહણ પણ શ્રેષ્ઠ રીતે સજ્જ થયું છે.

સ્નેહલભાઈના આચાર્યપદ હેઠળ નવ યજ્ઞકુંડ, નવ બેઠકથી

મંડપ સજ્જ થયો છે.

તા.૧૫ અને તા.૧૬ બંને દિવસોમાં કયા ક્રમમાં કેવી પૂજા હશે તેનું સમયપત્રક સ્નેહલભાઈએ આપી દીધું છે.

જેને સેવા આપવી છે તે તે સ્વજનોને આમંત્રણ અપાયાં છે. તે સૌ આવી રહ્યાં છે.

સૌનાં મનઅંતરે ઉત્સવનો આનંદ છે. જે જે આવ્યાં તે તે વિવિધ પ્રસાદના થાળ લાવ્યા. શ્રી વિજયભાઈ તો હાશની ત્રણ દિવસ સૌને આપી શકાય એટલી બધી અ...ધ...ધ...ધ ચીકીઓના બોક્ષ ગાડી ભરીને અહીં લાવ્યા. તો વળી હેમીશભાઈ પણ અ...ધ...ધ...ધ ચીકીના બોક્ષ લાવ્યા છે. દર્શનભાઈ તલની વાનગીના બોક્ષ લાવ્યા છે. અને અ...ધ...ધ...ધ બીસ્કિટ, ચૉકલેટના તો ઢગલા થયા છે. જાણે સ્વર્ગારોહણ ‘પ્રસાદભવન’ બની ગયું છે.

એટલે તા.૧૪ રાત, ૧૫, ૧૬ ત્રણે દિવસ પ્રસાદ પ્રસાદ ને પ્રસાદથી સૌના હાથ ભરાઈ જશે. એવું લાગે છે. એ બધા જ પ્રસાદને ક્રમબદ્ધ રીતે આપવા, ગોઠવવા, નીચે પહોંચાડવા બેન દીપુ, ક્ષિપ્રાબેન, હસુબેન, નીરૂબેન, લતાબેન, મધુબેન સૌ કાર્યરત બની ગયાં. શ્રી રાજુભાઈ જાની બહારનું બધું જ મૌન રહી સંભાળતા રહ્યા.

સ્વર્ગારોહણ સૌનું છે તો ઉત્સવ પણ સૌનો છે. સૌને આનંદ છે.

જ્યાં જુઓ ત્યાં સૌ કાર્યરત છે. બટુકો તા.૧૪ રાત સુધીમાં માતાપિતા સાથે પધારી રહ્યા છે. તા.૧૫ સવારે બે બટુકો સ્વજનો સાથે આવી ગયા.

તા.૧૫ મી સવારે કાર્યક્રમ પ્રારંભ પામે તે પહેલાં નવ બટુકોને અહીંના અંબાજીના માતાના મંદિરે દર્શન વંદન માટે લઈ ગયા. મંદિરના મુખ્ય પૂજારી શ્રી મિત્રેનભાઈના મામા છે.

એટલે વિશેષ રીતે સૌ દર્શન કરી લે છે.

તે પછી બપોરે બે વાગે બધા જ બટુકોને તિલક ચૉકલેટની માળા અને પૂજાનાં સ્વરૂપો અર્પણ કરી માતાપિતા સાથે નીચે શોભાયાત્રા નીકળી છે. પૂજાનાં સર્વ સ્વરૂપો માતાપિતા અને બાળકોના હાથમાં છે. રથમાં પૂ.શ્રી ગુરુદેવ પ્રભુનું બાળસ્વરૂપ બટુકોએ પધરાવ્યું છે.

સર્વ સ્વજનો ગરબે ઘૂમતા વિવિધ ધૂન-સંકીર્તન સાથે શોભાયાત્રામાં મસ્ત બની ડોલી રહ્યા છે.

સર્વ સ્વરૂપો મંડપમાં પધરાવી પાંચ પ્રણામ સાથે શુભેચ્છાના એ વાતાવરણમાં ગુરુપૂજન, શ્રીગણેશપૂજનનો પ્રારંભ થયો છે.

તે પછી નવ બાળકોને પીઠી લગાવવાનું નાનકડું પર્વ કુટિયા સામે આનંદથી ઉજવાયું છે. બધા બટુકોની એ યાત્રા ઉપર દર્શનદ્વારથી વિવિધ પ્રસાદની વર્ષા થઈ છે. સ્નાન કરીને બટુકો પાછા ઉપર આવે છે. ત્યારે દરેક બટુકને સરસ રમવાના બૉલ અપાય છે. બટુકો પ્રસન્ન છે.

તે પછી માતા-પિતા મંડપમાં બેઠાં છે. ગ્રહશાંતિનું પૂજન થયું છે રાતે સૌ ગરબે ઘૂમે છે. તે પછી બટુકોને આવતીકાલે પહેરવાની સરસ ભરતકામવાળી પીતામ્બરી અર્પણ કરી છે. બટુકોના પિતાને ધોતી, કવર માતાને ડ્રેસ ને કવર અપાયાં છે. બાળકોને પૂજાની કાંસાની થાળીનો સેટ પૂજન માટે અર્પણ થયો છે.

મંડપમાં પૂ.શ્રી ગુરુદેવનું મોટું સ્વરૂપ, બાળસ્વરૂપ રથમાં અને બટુકોની ૯ પૂજાની બેઠકો ઉપર ૧૮ સ્વરૂપો બિરાજમાન છે.

તો તે સર્વ દેવોની હાજરીમાં આજની રાત હરિના નામે મઢવાની જાહેરાત થઈ છે. બટુકોનાં બધા સ્વજનો બે-બે કલાક જાગીને જપ કરી રહ્યાં છે. બીજા સ્વજનો પણ એમાં જોડાયાં છે. એક રાત હરિના નામે સૌએ સાથે મળીને નામજપનો

સાધનાત્મક થાળ શ્રી ચરણોમાં અર્પણ કર્યો છે. જાણે સ્વર્ગારોહણની સાધનાત્મક રાત્રિ સોનેરી પ્રભાતમાં પલટાઈ ગઈ છે.

તા.૧૬ એ પ્રભાત વંદના પછી મુખ્ય પૂજનનો પ્રારંભ પાંચ પ્રણામથી થયો છે.

પૂજન દરમ્યાન યજ્ઞોપવીત પર્વમાં પધારેલાં સર્વ સ્વજનોને તિલક, માળા ગંગાજળ અને પ્રસાદથી વધાવ્યાં છે.

આજે યજ્ઞોપવીત પર્વના બટુકો પૈકી નિત્યનો જન્મદિન છે. તો તેનું ગીત ગાઈ વિશેષ પ્રસાદ અર્પણ કર્યો છે.

આજે બટુકોના વિવિધ સંસ્કારો દ્વારા બટુકને દ્વિજત્વ મળશે એટલે ક્રમબદ્ધ રીતે નામકરણ સંસ્કાર સાથે સર્વ સંસ્કારોનું પૂજન પામ્યાં છે.

અન્નપ્રાશન સંસ્કારમાં બધાં જ બાળકો પ્રસાદ પામ્યા છે. તો વળી ચૌલ સંસ્કાર (મુંડન) પછી 'મા'ના હસ્તે સૌના મસ્તકે ચંદનનો શીતળ લેપ પામ્યા છે. સાથે જનોઈ (યજ્ઞોપવીત) પણ હાથમાં આપી છે.

યજ્ઞોપવીત સંસ્કાર સંપન્ન થતાં તેનું મહત્ત્વ અને તેના નિયમો તેનું ગૌરવગાન શાસ્ત્રોક્ત રીતે સ્નેહલભાઈએ સમજાવ્યું છે. સૌ દેવબાળકો પીતામ્બરીને મસ્તકે મુંડન સાથે જનોઈ ધારણ કરી સાચે જ નાનકડા ભૂદેવ બની ભારતીય સંસ્કૃતિના સંરક્ષક દેવદૂત બની શોભી રહ્યા છે. તે પછી વેદશાસ્ત્રોના અધ્યયનનો સંસ્કાર અપાયો છે.

બધાં જ પૂજન શાસ્ત્રોક્ત થયા છે. તે પછી શોભાયાત્રા અંબાજીના માર્ગે થઈ છે. બટુકો, માતા-પિતા, સર્વ સ્વજનો એમાં જોડાયા છે.

સ્વર્ગારોહણમાં જે જે આજે પધાર્યા તે તે સૌને વિશેષ પ્રસાદ અપાયો છે.

બટુકોને તો મંચ ઉપર બેસાડી જાણે છપ્પનભોગ જેટલા પ્રસાદો પીરસાયા છે. બટુકો જાણે આટલા બધા પ્રસાદ અચરજ સાથે ઝીલી રહ્યા છે. જેમાં ધર્મનાં બાળસાહિત્યનાં પુસ્તકો, માળા, મંદિર, આસન ગોમુખી પ્રણામનું બોર્ડ ટ્રૉલી બૅગ, વિવિધ ખાદ્ય પદાર્થોનો સમાવેશ થયો છે.

ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુની પ્રાર્થના ને પ્રણામથી આજનું આ પર્વ પરિસમાપ્તિ ઉપર પહોંચ્યું છે.

સતત પ્રસાદની વર્ષા વચ્ચે પર્વ ઉજવાયું છે. શ્રી તારકભાઈ અમીનની આતિથ્ય નામની પેઢીએ સૌને મીઠા મધઝરતા ભોજનના થાળ અર્પણ કરી સર્વ સ્વજનોને તૃપ્ત કરી દીધા છે.

મંડપના સર્વ સ્વરૂપો યથાસ્થાને ફરી પધાર્યા છે. બાળકોને પૂજાનાં સ્વરૂપો મંદિર સાથે અપાયાં છે.

બે દિવસનો આ મંગલ મહોત્સવ પરમાત્માએ સર્વ દિશાથી સુરક્ષિત રાખ્યો દૈવી પ્રદેશના સર્વ દૈવી તત્ત્વોએ સાથે મળી સર્વ દિશાથી અનુકૂળતા ધરીને પોતાનો આ સાંસ્કૃતિક ઉત્સવ છે એમ માની સફળ કર્યો છે.

પડદા પાછળ પથરાયેલા પરમાત્માએ પોતાનો આ ઉત્સવ સ્વર્ગારોહણના આંગણે પ્રસન્નતાથી પાર પાડ્યો.

આભાર પ્રભુ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

હે નાથ ! આપે જ ધનભંડાર ઉઘાડ્યા, આપે જ સૌને પ્રસન્નતા ધરી રિદ્ધિ સિદ્ધિ સાથે પધારેલા હે પરમાત્મા ! આપે કુબેર ભંડારી બનીને પ્રસંગને પર્વમાં પલટાવી દીધો !

આભાર આભાર આભાર પ્રણામ પ્રણામ પ્રણામ.

હે મારા નાથ ! પ્રણામ પ્રણામ પ્રણામ !

**–શ્રી'મા' સર્વેશ્વરી**

# ॥ અવસર અનેરો ॥

**(‘પ્રેમથી સર્વકાંઈ થાય છે તેનું પ્રત્યક્ષીકરણ ‘મા’એ દાખવ્યું.’)**

**[‘સ્વર્ગારોહણ’ના સ્વજન]**

“આજ ‘મા’ને આંગણે હો ઉત્સવ અપાર છે !”

સ્વર્ગારોહણ તીર્થ એ પૂજ્ય ‘જ્યોતિર્મયી’ માતાનો જીવંત અંક, ‘મા સર્વેશ્વરી’નું આંગણું કે જ્યાં વૈશ્વિક આધ્યાત્મિક ચેતના સાથે વ્યાવહારિક ચેતનાનો સમાગમ થાય, સાથે જ પૂજ્ય પ્રભુની અનંત કૃપાનો ત્રિવેણી સંગમ છે.

તારીખ ૧૫-૧૬ ફેબ્રુઆરી મહા વદ ત્રીજ અને ચોથ, સંકટચતુર્થીનો દિવસ યજ્ઞોપવીત પર્વનો મહોત્સવ, નવ બટુકોના ઉપનયન સંસ્કારનો છે. આજે આ તીર્થે સુંદર રૂપ ધારણ કર્યું છે. ‘મા’ના નામનાં તોરણોથી શોભાયમાન છે ! તોરણોનો શણગાર સજીવ છે ! બટુકોના સ્વરૂપોએ એમનાં માતા-પિતાને સંગ રહી વાટિકાના ફરતે સુંદર સુશોભન કર્યું છે. રોશનીએ અવનવાં તોરણો અને સુમનો સાથે આ તીર્થને ઝગઝગાટ કરી દીધું છે, તો નવ બટુકોનાં આસનો અને મધ્યવર્તી પ્રભુના મંદિરે મંડપરૂપે ઊર્જાવંત બનીને પવિત્રતાનો પોશાક પહેર્યો છે. મંદિરનું સુશોભન અને મંડપના શણગાર એવા સજીવ છે જાણે આભૂષણોથી ભૂષિત ઊર્જાનો થાળ લઈ પ્રભુને સમર્પિત કોઈ સૌભાગ્યવતી સ્ત્રી !

તારીખ ૧૫ મી એ ‘ગુરુપૂજન’ ‘ગણેશપૂજન’ અને ‘પીઠી’નો ઉત્સવ છે. પણ તે પહેલાં, સ્વર્ગારોહણની નિત્ય પ્રાર્થના, પ્રણામ ! પછી ‘સત્કર્મોની સુગંધ રેલી સદ્‌ગુરુને દીપાવીશું’ એ પ્રાર્થનાને સાકાર કરતા બટુકો બે દિવસના ઉત્સવનો પ્રારંભ સત્કર્મથી કરે છે ! ‘પૂજ્ય મા’નાં આશિષ પ્રાપ્ત કરી સત્કર્મ થકી હાશ પામે છે ! અંબાજીના અધિષ્ઠાત્રિ માતાનાં દર્શન કરવા સહુ બટુકો સહર્ષે માતાપિતા સાથે પ્રણામ કરી આવે છે.

બાળકો ઉત્સવના રાજકુંવરો થઈ (આહ્‌લાદક) આનંદ

માણી રહ્યાં છે. ત્રિરંગી ફેટાં સાથે તેમનું રૂપ વિશેષ ખીલી ઉઠ્યું છે ! 'મા' તો જાણે એમના મનઅંતરના ખૂણેખૂણે વસીને હૃદયાસન પર સ્થાપિત થઈ ગયાં છે !

પૂજનવિધિ શરૂ થાય તે પહેલાં 'પૂજ્ય મા' બટુકોના માતા-પિતાને 'મા પ્રભુ'નાં સ્વરૂપ આપે છે. ઢોલ નગારાના નાદ સાથે 'પૂજ્ય મા' બાળકોને આશિષ આપી ત્રિરંગી ફેટાં પહેરાવી સ્વર્ગારોહણના હાર્દ સમી કુટિયામાં પ્રભુના સ્વરૂપની પાલખીયાત્રા કરવા બટુકોની સાથે વિચરી, સરોડા ધામ અને કુટિયાની પ્રદક્ષિણા બાળકો સાથે કરે છે, જાણે જણાવે છે કે માર્ગ ભલે અજાણ્યો છે પણ 'મા' સાથે છે તેવી હૈયાધારણ આપે છે. આખું દૃશ્ય હૃદયંગમ છે ! સ્નેહલભાઈ અને તેમના પુરોહિતોના મંત્રગાને વૈદિક સમયનો માહોલ સર્જ્યો છે. 'પૂજ્ય મા' સર્વ વિધિમાં મધ્યવર્તી સ્થાને છે. બાળકો તેમના પોશાકમાં 'પૂજ્ય મા'ને પ્રણામ કરી માતાપિતા સાથે આસને બિરાજવાની તૈયારી કરે છે. તે પછી પ્રભુના દેવસ્થાને 'પૂજ્ય મા' સંગ સહુ બટુકો પ્રણામ કરી ગુરુપૂજન અને ગણેશપૂજનનો પ્રારંભ કરે છે. એ પ્રાર્થના અને પ્રણામથી પ્રભુએ પ્રગટવું જ પડે તેવું લાગે છે !

પીઠીની પ્રચલિત વિધિથી સૌ બટુકોનું રૂપ નિખરે છે. બધા બટુકોને મામાઓ ઝુલાવે છે, સંબંધીઓ પીઠી લગાવે છે. બાળપણમાં કદાચ મામાઓને ઝૂલાવવાનો અવસર ન મળ્યો હોય તો બટુકો અને મામા તે લહાવો લઈ લે છે. દર્શનદ્વારેથી 'પૂજ્ય મા' પ્રસાદની વર્ષા કરે છે અને બાળકો તે કૃપાની મોજ માણે છે !

બધી વિધિ દરમિયાન બાળકો અનેકવાર 'પૂજ્ય મા' પાસે જઈ તેમનાં આશીર્વાદનું અમૃત પીએ છે. તે પછી બટુકોનાં માતા-પિતા તેને લગતી પૂજાવિધિ કરે છે. પધારેલા સ્નેહીજનોને 'મા' આ અગાઉના ૨૦૦૯ના યજ્ઞોપવીત પર્વની ડીવીડી બતાવે છે. કાર્યકર્તા, સ્વયંસેવકો, પોતાની એ ડીવીડી જોઈ ખુશ ખુશ થઈ જાય છે. સઘળા સંબંધી પણ આનંદ પામે છે.

ભોજનની યજ્ઞવેદી પર ભાઈ તારક અમીન સરસ છપ્પન ભોગ કહીએ તો ચાલે તેટલી વાનગીઓ પીરસી સૌને તૃપ્ત કરી દે છે. જાણે રાજસૂય યજ્ઞમાં પધારેલા સૌને એક અલગ જ આનંદ આપે છે.

સાંજની વંદના પછી આપણો પ્રિય ગરબાનો કાર્યક્રમ શરૂ થાય છે. હૉલ સામે ભાઈઓ અને સરોડા ધામ ફરતે બહેનો ગરબે ઘૂમે છે. સુકૃતિબેનના કંઠે 'મા'ની રચનાઓ સૌ ખેલૈયાઓને તાન ચડાવે છે અને નાનાં નાનાં બટુકો પણ મોટાઓને આ સ્પર્ધામાં મહાત કરે છે, અમને ઓછા ન આંકશો એવું સાબિત કરે છે.

આનંદની સાથે સાધના ના વિસરાય તેને માટે 'પૂજ્ય મા' સહુને જાગ્રત કરે છે. પ્રભુ આજે અહીં આ મંડપમાં બિરાજ્યાં છે તો એમને સાધનાથી વધાવી લઈએ એ ભાવથી સૂચન કરે છે. બારથી બે, બે થી ચાર, ચાર થી છ, પ્રભુ પાસે સહુ પ્રાર્થના કરી આજની રાત હરિને નામ કરવી. સહુ તેમાં ભાગ લે છે અને ઉત્સવપર્વ, સાધનાપર્વનું રૂપ ધારણ કરે છે ! બીજે દિવસે સવારે આઠ વાગ્યાથી કાર્યક્રમ છે પણ 'પૂજ્ય મા'ની નિશ્રામાં સહુ સરસ રીતે એ જપયાત્રા પૂર્ણ કરે છે.

બીજા દિવસે પૂજનવિધિ શરૂ કરતાં પહેલાં બાળકો અને માતાપિતા 'પૂજ્ય મા'ને વાજતેગાજતે લેવા જાય છે.

'જેવો છું તેવો હું સ્વીકારી લેજે તું' એ વિનંતી સાથે પૂજનનો પ્રારંભ થાય છે !

આ પર્વમાં 'મા' સતત ઉપસ્થિત છે, સહુને દર્શનધન લૂંટાવા બેઠા છે. સ્નેહલભાઈ વારેવારે દરેક વિધિમાં બાળકોને 'મા' પાસે મોકલી આશીર્વાદ અપાવે છે. 'મા'ની પ્રસન્નતાનો પાર નથી ! નાનાં બટુકો આ પર્વનો ખૂબ લાભ લે છે. મુંડન વિધિ માટે જરા પણ આનાકાની ન કરતાં, બાળકો, હસતાં હસતાં એ ભગીરથ કાર્ય પાર પાડે છે ! તે પછી સ્નાનથી સજ્જ થઈ બાળકો બ્રહ્મચારીનું રૂપ ધારણ કરે છે ! મુંડન પછી બટુકોનાં મસ્તકે 'પૂજ્ય મા' ચંદનનો સ્વહસ્તે લેપ કરે છે. કેટલાં પુણ્ય

કર્યા હોય ત્યારે આવો લહાવો મળે ! બાળકોના ભવોભવ સુધરી જાય. ચંદનની શીતળતા તેમને જીવનભર પ્રાપ્ત થાય. તે વખતનું 'મા'નું વહાલ અચૂક રડાવી દે તેવું હતું. પ્રણાલિકાપોષક 'મા'ના પ્રેમને લક્ષ કોટી પ્રણામ. જોનારને માટે અવિસ્મરણીય, માણનારને માટે તો શું નહિ ! બાળક 'મા'નાં ચરણે જાય તો સદાયને માટે નિર્ભય બની જાય, સ્મરણમાત્રથી તારી દે !

બધા જ બટુકો એ સ્વરૂપે 'મા'ને પ્રણામ કરી યજ્ઞોપવીતની આજ્ઞા માંગે છે. સ્નેહલભાઈ દરેક વિધિનું મહત્ત્વ સમજાવે છે. આ પર્વમાં બે બાળકો મહારાષ્ટ્રિયન છે, અર્પિતાબેન ગુજરાતીનો મરાઠીમાં અનુવાદ કરે છે. સમજપૂર્વક કરેલા કાર્યનું મહત્ત્વ કંઈ ઓર જ હોય છે !

પ્રભુએ ધ્યાનમાં પ્રાપ્ત કરેલો ગાયત્રી મંત્ર જ સૌ બટુકોને અપાય છે એ ખૂબ આનંદની વાત છે.

જનોઈમાં નવ દેવતા છે અને બ્રહ્મા વિષ્ણુ મહેશની બ્રહ્મગાંઠ છે તે આચાર્યએ સરસ રીતે સમજાવ્યું. ત્રણ દોરા ઈશ્વરનું સ્વરૂપ છે તેથી સતત પ્રભુ આપણી સાથે છે તેનું હૈયાધારણ છે ! અગ્નિ પાસે અને સૂરજની સાક્ષીએ ધારણ કરેલ યજ્ઞોપવીત એ વેદ ઉપનિષદ ભણવાનો પાસપોર્ટ છે. યજ્ઞોપવીત એટલે યજ્ઞ પાસે જવાનો અધિકાર, યજ્ઞોપવીત ધારણ કર્યા પછી જ યજ્ઞ કરવાનો અધિકાર મળે છે. આખા વૈદિક સાહિત્યનો અધિકાર મળે છે. ગુરુ પાસે જ્ઞાન મેળવવાનું દ્વાર ઉઘાડે છે. જે પણ ગુરુનો શરણે જાય તે સર્વને એક સમાનતા સાથે તેમની કૃપા અને શિક્ષણની પ્રાપ્તિ થાય ! પહેલાના સમયમાં રાજાના કુંવરો પણ સામાન્ય માણસો સાથે ગુરુકુળમાં જતા.

આ વખતે 'મા' એક સરસ પ્રથા નિર્મિત કરે છે. આવેલા બધા જ સ્નેહીજનોનું ગંગાજળ, માળા અને પ્રસાદ આપી અભિવાદન કરે છે. જાણે ભક્ત અને ભગવાન વચ્ચે કોઈ નહિ. ખૂબ હૃદયદ્રાવક દૃશ્ય છે ! એ કરુણામયી દેવી વરસવામાં

કાંઈ બાકી જ નથી રાખતાં ! સૌને દર્શનપ્રસાદનો સંતોષ છે. દેવાંગભાઈએ ગાયેલા પદ અનુસાર જેવો છું તેવો સ્વીકારી લેજે; તેનું પ્રત્યક્ષીકરણ જોવા મળે છે.

કાશી યાત્રામાં મામાઓ બાળકોને હવે ખભે બેસાડીને લાવે છે, શું અનેરો આનંદ !

'પૂજ્ય મા' બાળકોને રાજકુમાર જેવા સજાવે છે ! દરેક બટુકને વ્યવસ્થિતરૂપે તેના માપ પ્રમાણે રાજકુમારનું રૂપ મળે છે. કુબેરનો ભંડાર લઈને બેઠેલાં 'પૂજ્ય મા'એ ભેટ સોગાત અને પ્રસાદ સાથે આશીર્વાદથાળ બાળકો પર લૂંટાવી રહ્યા છે. કુંવરબાઈનું મામેરું યાદ આવે !

તે પછી બગીમાં નગરયાત્રા છે, બધાં જ બાળકો ખૂબ ઉત્સાહથી નાચી આનંદના મહાસાગરમાં તરી રહ્યા છે. આ ઉત્સવના કર્તાહર્તા 'પૂજ્ય મા' જ છે અને માતા-પિતાએ, પાટલે આવી બેસવાનું છે નાનામાં નાની દરેક વસ્તુની બધી જ તૈયારી 'પૂજ્ય મા'ની છે ખાલી હાજર થાઓ, બસ બાકી બધું 'મા' સંભાળશે ! 'મા' આપણી ધાર્મિક સંસ્કૃતિને અનેરું અનુમોદન આપી રહ્યા છે. આ અનન્ય અવસરે સહુ 'મા' મય થઈ ગયાં. 'મા' જાણે સંસ્કૃતિના મશાલધારી બનીને માતા-પિતાને વહાલનો દરિયો બનવાનું શિક્ષણ આપી રહ્યા છે. પ્રેમથી સર્વ કાંઈ સાધ્ય છે, તેનું પ્રત્યક્ષીકરણ દાખવી દે છે. આ ઉત્સવ માટે સતત માગણી કરતા સ્વજનો ને 'મા' ધન્યવાદ આપે છે. મદદ કરનારને 'મા' બિરદાવે છે. ડાકોરથી આવેલ પૂર્ણિમાબેન તથા તેમના વાદ્યવૃંદનું પણ અભિવાદન કરે છે.

આવો ઉત્સવ ક્યાંય જોવા તો શું, જાણવા પણ ના મળે. હે 'મા' ! સદા અમને અમારા ધર્મ તરફ જાગૃત રાખજો, સર્વ આનંદમાં સાધના ના વિસરાય એવા આશિષ આપજો, સતત આપનાં જ સ્મરણમાં રહીએ એવી કૃપા કરજો.

'મા' ભગવતીના ચરણોમાં લક્ષ કોટી પ્રણામ !

**–શ્રી જ્યોત્સ્નાબહેન ત્રિવેદી**

# ॥ બટુક ધૈર્ય – પરિવાર ॥

**('I have lot to say but I am not finding the right words to express my gratitude.)**

[માતુશ્રી]

Jai Krupalu MAA

The most wonderful and highly awaited day of our life, the **'YAGNOPAVIT SANSKAR'** of our son in presence of pujya MAA. we had first asked pujya Maa for our elder son in 2018 but at that time there were only 2 kids so it wasn't possible than, so we held his Yagnopavit sanskar at our residence in Mumbai only, but we still prayed to MAA PRABHU continuously that if not the elder one then at least the younger one gets his Yagnopavit from pujya MAA. Finally our prayers were answered and and on 29th Dec 24 we were granted our wish. While leaving from Swargarohan pujya Maa informed us that we have asked for the dates & mahurat for Yagnopavit for kids. My joy knew no bounds. Finally our wish was being granted by pujya MAA PRABHU my younger son was getting his Yangnopavit sanskar done in Swargarohan and that too in the Divine presece of Pujya MAA PRABHU. As the dates were finalized for 15th and 16th February 2025 we had asked MAA if we could do something on our part she just said, **"Batuk sathe prem thi padharo, eajseva."** Pujya MAA prepared everything for these 9 batuks. From their clothes to their gifts, their huge size photo banners which they later received as

Prasad. It was like we just had to be present there on time for the ceremony rest everything was taken care of. The entire ceremony was organized in such a beautiful way truly pujya MAA style. With Snehal bhai explaining the importance and understanding behind Yagnopavit sanskar, making everyone more knowledgeable about our traditions and culture to Tarak bhai serving the best meals for both the days and our satsangies who were helping to and fro, for everything required during the ceremony. It was an awe inspiring moment for me. Then as we all know how pujya MAA showers her blessings, she bestowed all the 9 batuks with so much Prasad that was beyond imagination. It was truly **"PRASAD no VARSAD".** kids, parents, and relatives no one was left out from receiving Prasad from pujya MAA. The harmonious atmosphere of Swargarohan was not just the 9 family's function but an occasion or rather a celebration for the entire **"MAA PRABHU PARIVAR".** It was an overwhelming experience for me and my family. I have created such wonderful memories during those 2 days that will last for a lifetime. All Thanks to Pujya MAA PRABHU, without their blessings and constant efforts on our behalf this mammoth tast could not have been possible and that too in such smooth and beautiful way. I have a lot to say but I'm not finding the right words to express my gratitude except for saying. Thank you so much pujya Maa Prabhu.

—શ્રી હિરલ ઠાકર

(પિતાશ્રી)

ઘણા સમયથી અમે કરી રહ્યા હતા 'મા' પ્રભુ ને પ્રાર્થના,

અમારા બાળકોના ઉપનયન સંસ્કાર સ્વર્ગારોહણની પવિત્ર ભૂમિ પર થાય એવી હતી અભ્યર્થના.

પૂજ્ય 'મા' પ્રભુના વરદ હસ્તે બાળકોને જનોઈ ધારણ કરવા મળે,

દ્વિજ બાળકોને યજ્ઞોપવીત સંસ્કારથી નવો જન્મ મળે.

પૂજ્ય 'મા' પ્રભુએ કરી અમારી વિનંતી સ્વીકાર,

યજ્ઞોપવીતની બધી જ જવાબદારી શિર પર લઈ કર્યો અમો પર અસીમ ઉપકાર.

અવિસ્મરણીય, અકલ્પનીય એવું અદ્‌ભુત કર્યું આયોજન,

પૂજ્ય પ્રભુના આશીર્વાદ અને પૂજ્ય 'મા'ની કૃપાથી જ થયું મુખ્ય પ્રયોજન.

બાળકો, સ્વજનો અને અમારા બધા પર સ્નેહ અને આશીર્વાદનો વરસાદ વરસાવવા માટે પૂજ્ય 'મા' પ્રભુનો ખૂબ ખૂબ આભાર.

પૂજ્ય 'મા' પ્રભુના શ્રી ચરણે છે અમારી વિનંતી કરજો સ્વીકાર.

બાળકોને હંમેશાં આપના અંકે રાખીને સંસ્કાર અને પ્રભુ નિષ્ઠાથી સિંચન કરી તેમનું જીવન પુષ્પ ખીલાવજો,

પ્રભુના વિચારોની મહેક જીવનમાં ઉતારી અમારા સૌ થકી લોકમાનસ સુધી પહોંચાડજો.

અમને ૨૬ થી ૨૮ ડિસેમ્બર સ્વર્ગારોહણ તીર્થમાં મુકામ કરવાનો લાભ મળ્યો હતો. સદ્‌ભાગ્યે અમને પૂજ્ય 'મા'નાં દર્શનનો પણ લાભ મળ્યો અને સહજ રીતે 'મા'ને અમે બાળકોના યજ્ઞોપવીત સ્વર્ગારોહણની પવિત્ર ભૂમિ પર અને પૂજ્ય 'મા'ના વરદ હસ્તે થાય એવી ઈચ્છા ફરીથી પ્રગટ કરી ત્યારે પૂજ્ય 'મા'એ કહ્યું ૯ બટુકો તૈયાર થયા છે અને અમે યોગ્ય મુહૂર્ત કાઢવા આપ્યું છે. તમને જલ્દી

જ જણાવશું. ખૂબ ખૂબ પ્રસાદ અને આશીર્વાદ લઈને પૂજ્ય 'મા' પ્રભુને પ્રણામ કરીને અમે સ્વર્ગારોહણથી વિદાય લઈને ઘરે પહોંચ્યાં તેની પહેલાં જ જાણે પ્રભુએ અમારી પ્રાર્થના સાંભળી અને પૂજ્ય 'મા'નો પ્રત્યુત્તર આવી ગયો. મુહૂર્તની ૫ તારીખો કાઢીને આપવામાં આવી. થોડાક સમય 'મા' બધા માતાપિતા એ ૧૬ ફેબ્રુઆરી પર સહમતિ દર્શાવી. અમારા હરખનો પાર નહોતો. દોઢ મહિનામાં અમને જે સૂચનો મળતાં રહ્યાં એમ અમે પાલન કરતાં ગયાં પણ આખા યજ્ઞોપવીત સમારંભની જવાબદારી પૂજ્ય 'મા' એ શિર પર લઈ લીધી. અમે પૂજ્ય 'મા'ને સંદેશો પણ મોકલાવ્યો કે અમારા લાયક કોઈ પણ કામ હોય તો જણાવજો ત્યારે 'મા' એટલું જ કહ્યું "બટુકો સાથે સ્વર્ગારોહણ પ્રેમથી પધારો એ જ મોટી સેવા." અમને ચિંતા હતી અમારા મોટા પુત્રની નવમા ધોરણની વાર્ષિક પરીક્ષા ૧૫-૧૬ ની વચ્ચે ના આવે પણ પૂજ્ય 'મા' એ એવી કૃપા કરી અને ૧૪મી એ જ પરીક્ષા સમાપ્ત થઈ ગઈ. ફરી અમને પ્રતીતિ થઈ પ્રાર્થના સંભળાય છે અને પ્રભુકૃપા અનુભવાય છે.

૧૫મી એ સ્વર્ગારોહણ આવતાં જ અમને સુંદર સુશોભીકરણ અને અદ્ભુત આયોજન નિહાળવા મળ્યું. સામેના મેદાનમાં ભોજન અને અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ બધા આયોજનની પાછળ કેટલાય દિવસનું પૂજ્ય 'મા'નું સંચાલન અને આપણા સત્સંગી ભક્તસેવકોની મહેનતની પ્રતીતિ થઈ.

દિવસના આરંભમાં બાળકોને સત્કર્મનો અમૂલ્ય લહાવો મળ્યો. પછી આરોગ્યયાત્રાનો પણ અવસર મળ્યો. ખરેખર પૂજ્ય 'મા' અમારા બધાના માનસિક, આધ્યાત્મિકની સાથે આરોગ્યકલ્યાણનું પણ કેટલું ધ્યાન રાખે છે. બધા જ કાર્યક્રમ ગુરુ પૂજન, ગણેશ પૂજન, ગ્રહશાંતિ, પીઠી વેળાનુસાર વિધિવત પૂર્ણ થયા. બાળકો સાથે હાજર બધાંયને ચોકલેટ, બિસ્કિટનો પ્રસાદ

પૂજ્ય 'મા'ના હસ્તે મળ્યો. સાથે સવારસાંજના સ્વાદિષ્ટ વિવિધ વાનગીનો ભોજન પ્રસાદ પણ લોકો એ ખૂબ માણ્યો. સાંજે રાસ-ગરબાનો પણ ભરપૂર આનંદ લીધો.

૧૬મીએ પૂજ્ય 'મા' પ્રભુના આશીર્વાદ લઈને વિધિવત યજ્ઞોપવીતની પ્રક્રિયા આરંભ થઈ. પૂજ્ય 'મા'નો આગ્રહ હતો કે બટુકો સાથે ઉપસ્થિત દરેક જણને યજ્ઞોપવીતની ખરી સમજણ આપવી અને શ્રી સ્નેહલભાઈએ ખૂબ જ ઉત્કૃષ્ટ રીતે સમજણ આપી અને યોગ્ય મંત્રોચ્ચાર સાથે વિધિવત દરેકે દરેક પ્રક્રિયા પાર પાડી. બટુકોના મુંડન પછી પૂજ્ય 'મા' એ બધા બટુકોને સ્વહસ્તે ચંદનનો માથે લેપ કર્યો. આપણાં બાળકો ખરેખર કેટલાં ભાગ્યશાળી છે તે જોઈને મન હર્ષોલ્લાસથી છવાઈ ગયું. પૂજ્ય 'મા'ના હસ્તે બાળકોને એટલી બધી પ્રસાદી મળી. ફક્ત ચૉકલેટ કે બિસ્કિટ નહિ પણ શેરવાની સૂટથી લઈને જીવન જરૂરિયાતની બધી જ વસ્તુઓનો જાણે ખજાનો જ આપી દીધો બાળકોને ટૂથબ્રશ, પેન્સિલ રબર કીટથી માંડીને ભગવદ્ગીતા, માળા, કાઉન્ટર, બેટ, બોલ, ડ્રાય ફ્રૂટ, ટુવાલ, ટ્રાવેલ બેગ એવી ઘણી બધી આવશ્યક વસ્તુઓનો પ્રસાદ મળ્યો. જાણે પ્રસાદનો વરસાદ.

બાળકો સાથે માતા-પિતા અને સ્વજનોને પણ પૂજ્ય 'મા'ના હસ્તે ઘણો ઘણો પ્રસાદ મળ્યો. અંતે બટુકોનો વરઘોડો નગરમાં નીકળ્યો અને બટુકો સહિત બધા જ સ્વજનોએ સંગીતના તાલ પર મન મૂકીને નૃત્ય કર્યા.

છેલ્લે અમે 'મા' પ્રભુને પ્રણામ કરીને, પ્રસાદ પામીને, ધન્યતા અનુભવીને, પાછા તુરંત આવવાની નિષ્ઠાથી સ્વર્ગારોહણથી વિદાય લીધી.

**—શ્રી તેજસ ઠાકર**

# ।। બટુક નિત્ય – પરિવાર ।।

**('હે મા, 'મા'નો બાળક 'મા'ને ભૂલે નહિ અને 'મા' મને ભૂલવા ન દે એવી કૃપા આપ જ કરજો.')**

(માતુશ્રી)

પરમ પૂજ્ય શ્રી 'મા'ના શ્રીચરણોમાં 'મા'ની સિંહણ બાળ મોનાના લક્ષકોટી પ્રણામ.

"અમારા જીવનમાં આવ્યાં અમે તો ત્યારથી ફાવ્યાં વધાવ્યા કે નકાર્યા છતાં તમે સંભાળતા જ રહ્યાં"

હે મા ! પ્રાર્થના સંભળાય છે...

પ્રાર્થનાથી જ બધું શક્ય બને છે...

હે મા ! આજે ૧૨ વર્ષથી ચાલતી પ્રાર્થનાના ફળસ્વરૂપે યજ્ઞોપવીત સંસ્કારથી 'મા'નાં આ નવ બાળકો જે આશીર્વાદ અને દીક્ષાનું અમૂલ્ય ભાથું પામ્યાં.

એના માટે આ બાળકો 'મા'ના જન્મોજન્મનાં ઋણી છે. આભાર શબ્દ તો આ ઋણની તોલે પણ ના આવે. એવા પ્રેમ અને આશીર્વાદથી આપે આપનાં આ બાળકોના દોષ, દુર્ગુણ દૂર કરી જપ, તપ, સાધના, પ્રણામ, પૂજા, સત્કર્મના આશીર્વાદ ધરીને આ સ્વર્ગારોહણની પવિત્ર ભૂમિ પર યજ્ઞોપવીત સંસ્કાર કરી, આ બટુકો પર અપાર પ્રેમ વરસાવ્યો છે આ પ્રભુનાં બાળકો પર પ્રભુનો અમૂલ્ય પ્રસાદનો વરસાદ વરસાવ્યો છે.

તા.૨૮/૧૨/૨૦૨૪ આ ઉપનયન સંસ્કારનો સૌથી પહેલો મેસેજથી જ આ મનમાં એક અદ્‌ભુત ખુશી થઈ સાથે આંખમાં આંસુ આવી ગયા કે હાશ ! પ્રભુએ આપણી પ્રાર્થના સાંભળી. જેની વર્ષોથી રાહ જોઈ રહ્યા હતાં એ હવે દૂર નથી. નિત્યના

મનનો આનંદ પણ કઈ અલગ જ હતો. આ ખુશીનો આભાર વ્યક્ત કરવા માટે મંદિર પાસે પૂજ્યશ્રી 'મા'-પ્રભુને પ્રણામનું ફૂલ અર્પણ કર્યું.

જ્યારે તારીખના સિલેક્શનની વાત આવી ત્યારે પણ મનમાં એક પ્રાર્થના ચાલતી હતી કે કાશ ! બધાં ૧૬ ફેબ્રુઆરી સિલેક્ટ કરે તો કેટલું સારું. કેટલા સરસ સંજોગ બની જાય ! નિત્યના જન્મદિવસના દિવસે જ નિત્યને યજ્ઞોપવીત 'મા' પાસેથી પ્રસાદમાં મળે તો કેટલો અદ્ભુત સંજોગ બની જાય. પરંતુ આ એક પ્રાર્થના હતી બાકીના આઠ બટુકોને પણ આ ડેટ અનુકૂળ થાય એના માટે પણ સતત મનમાં પ્રાર્થના ચાલતી હતી. પરંતુ પૂજ્ય 'મા' જે ભગીરથ કાર્ય હાથમાં લીધું હતું. એમાં ચિંતા શાની એમાં તો ખાલી ચિંતન જ કરવાનું હોય ને ! 'મા' એ બધું બધી રીતે અનુકૂળ...અનુકૂળ...અનુકૂળ...અને ફક્ત અનુકૂળ જ કરી દીધું. અમે તો ખાલી ડેટ નક્કી કરી પરંતુ ત્યારથી લઈ તારીખ ૧૬ સુધીનો બધો જ ભાર પૂજ્ય શ્રી વહાલાં 'મા' એ લઈ લીધો. બધી ચિંતા વહાલાં 'મા' એ આખી રાતોને રાતો જાગી, પોતાના નિત્યક્રમને સાથે રાખીને કરતા રહ્યા અને આ વહાલાં 'મા'એ બાળકો ઉપર અધધધ...કૃપા કરી છે. જેમાં બાળકોને શું પ્રસાદમાં આપવાનું છે એનું લિસ્ટ, બાળકો રાજકુમાર જેવા શોભે એવા પહેરવેશ માટે, અમારા મહેમાનોના લિસ્ટ, જમણવાર માટે, મહેમાનોના સત્કારસમારંભ વગેરે...વગેરે.. જેવા બધાં જ કાર્યો વહાલાં 'મા' સતત કાળજી રાખીને કરતા રહ્યા કે ક્યાંય કશી કચાશ ના રહી જાય. બાળકોના પ્રસાદમાં કચાશ ના રહી જાય માટે સતત સતત જાગ્રત રહી 'મા' આ ભગીરથ કાર્ય માટે ચિંતિત રહ્યા. પરંતુ આ બધાની સાથે સાથે પૂજ્ય શ્રી 'મા' એ બાબતની પણ કાળજી રાખી કે પ્રભુના આ પવિત્રધામ સ્વર્ગારોહણના

નિયમોનું, પવિત્રતાનું અને મર્યાદાનું પણ પાલન થાય. એના માટે બધાને જગાડવા માટે પૂજ્ય શ્રી'મા'એ તારીખ ૦૪/૦૧/૨૦૨૫ એ એક નિમંત્રણપત્રિકા મોકલી કે જેમાં યજ્ઞોપવીત માટેનું આમંત્રણ અને ધ્યાનમાં દોરવાની બાબતોનો ઉલ્લેખ હતો અને એ જરૂરી પણ હતું આવનારા મહેમાન જે સ્વર્ગારોહણમાં પ્રથમ વખત આવતા હોય તો આ બધી બાબતોને લઈને જાગ્રત રહે. પૂજ્ય શ્રી'મા' દરેક નાની નાની બાબતોમાં પોતે પણ જાગ્રત રહે છે અને આપણને પણ જાગ્રત કરતાં રહે છે.

પૂજ્ય 'મા' આપણને સામાજિક પ્રસંગો કેવી રીતે ઉજવવા એ શીખવે છે. જન્મથી લઈ અને આખા જીવન દરમિયાન સંસ્કારો આપણા જીવનમાં થતા હોય છે એ ૧૬ સંસ્કારોમાંનો એક સંસ્કાર યજ્ઞોપવીત છે પણ એ પર્વ આપણા ઘરે હોય તો આપણે કેવી રીતે ઉજવીએ અને 'મા'ની આ દિવ્યભૂમિ પર પર્વ કેવી રીતે ઉજવવું એનો તફાવત અમને ખબર પડી અને કોઈપણ સામાજિક કાર્ય કરીએ ત્યારે આપણે શું જાગૃતિ રાખવી સૌથી પહેલાં તો એમાં એ કાર્ય કરતાં કરતાં ક્યારે પણ પ્રભુને નહિ ભૂલવા, બીજું સામાજિક કોઈપણ આપણા પ્રસંગ આપણા ઘરે આપણે આંગણે હોય ત્યારે અતિથિઓ આવતા હોય અતિથિઓનો સત્કાર કેવી રીતે કરવો, સત્કાર તો સારામાં સારી રીતે કરવાનો પણ એ સાથે સાથે આપણી ભારતીય સંસ્કૃતિની પરંપરાઓ ના ભૂલાય આજનો યુવાવર્ગ આપણી પરંપરાઓ ભૂલી ગયો છે જે રીતે ઊભા ઊભા ન ખાવું, જમતી વખતે શૂઝ પહેરીને ના જમવું, જમતી વખતે પ્રાર્થના બોલીને જમવું. આ બધા સંસ્કારો 'મા'એ આપણને શીખવ્યા છે. અમારા મન પર એની ઘેરી ઊંડી છાપ પડી છે પર્વમાં જે જે અમારાં સ્વજનો આવ્યા એમના મન પર પણ એની ઊંડી છાપ પડી છે.

તારીખ ૧૫/૧૨/૨૦૨૫ યજ્ઞોપવીતના પ્રથમ દિવસની

શરૂઆત સ્વર્ગારોહણના નિત્યક્રમથી પ્રારંભ થઈ. સવારે ૭.૦૦ વાગ્યે વંદના પછી પૂજ્ય શ્રી'મા' સાથે પ્રણામ. પ્રાર્થના પછી યજ્ઞોપવીત. બટુકોના હસ્તે સત્કર્મ હતું. બધા બટુકો ખૂબ જ સહજ રીતે સ્વર્ગારોહણની શિસ્ત અને પૂજ્ય શ્રી'મા'એ આપેલા સંસ્કાર પ્રમાણે દરેકને હાથ જોડી પ્રણામ કરીને સત્કર્મ કરી ધન્ય થયા. કેટલું સરસ ! પૂજ્ય શ્રી'મા' આ બાળકોનું કેટલું સરસ ઘડતર કરી રહ્યાં છે. આ નાના બાળકોને કેટલી સરસ સમજ ધરી રહ્યાં છે. કે કોઈપણ સારા કાર્યની શરૂઆત કરતાં પહેલાં એક નાનું સત્કર્મ કરી પ્રભુના આશીર્વાદ લઈ શુભ કાર્યની શરૂઆત કરવાની છે. સત્કર્મ પછી બધા બટુકોને 'મા'ના નિવાસમાં લઈ જવામાં આવે છે. પૂજ્ય શ્રી 'મા' ખૂબ પ્રસન્ન છે. જાણે પૂજ્ય શ્રી 'મા' આ નવલા નવ બટુકોને જોઈને ખૂબ સુંદર હાસ્ય સાથે વધાવી રહ્યા છે. દરેક બટુકને પૂજ્ય શ્રી 'મા' આશીર્વાદ આપી રક્ષાકવચનો ખેસ, ચૉકલેટનો હાર પહેરાવીને અને આપણી માતૃભૂમિના તિરંગાના કલરનો સાફો પહેરાવી, બટુકોને અંબાજીના સુપ્રસિદ્ધ અંબા માતાના મંદિર જવાની આજ્ઞા આપી બટુકોને નીચે જવાનું કહે છે ''ઓમ મા રક્ષમામ''ની ધૂન સાથે બધા બટુકો નીચે આવી ગોઠવાઈ છે ત્યાં નિત્ય ખૂબ સુંદર અને ખૂબ લાંબો શંખનાદ કરી વાતાવરણને વધારે રમણીય અને પવિત્ર બનાવે છે. અંબા માતાના ચાચર ચૉકમાં પહોંચ્યા બાદ ફરીવાર એકવાર લાંબા શંખનાદ અને ''બોલ મારી અંબે જય જય અંબે'' અને ''ઓમ મા જય મા જય જય મા''ની ધૂન સાથે મંદિરમાં પ્રવેશ કરે છે. ત્યાં દરેક બટુકના મસ્તક ઉપર ત્યાંના મહારાજ શ્રી અંબા માતાની ચરણપાદુકા બટુકના મસ્તક પર મૂકી એમને આશીર્વાદ આપે છે મંદિરના દર્શન અને અંબા માતાના આશીર્વાદ લઈ બધા બટુકો સ્વર્ગારોહણ તીર્થમાં પાછા આવે છે. અને પછી 'મા' સાથે બધા જ

આરોગ્યયાત્રામાં જોડાય છે. આ તો થઈ પ્રભાતની વાત.

જ્યાં દિવસની શરૂઆત જ આટલી મંગલ થઈ હોય એ દિવસ તો મંગલ જ હોય ને ! બીજા ચરણમાં 'મા' સૌથી અદ્ભુત અને મનને સ્પર્શી જાય એ હતું ''પ્રભુનું આગમન'' એ સ્મરણો હજુ પણ મનમાં તાજાં જ છે. માંગલિક પ્રસંગોની શરૂઆત થતાં પહેલાં જ્યારે બટુકો અને માતા-પિતા 'મા'ના નિવાસમાં આશીર્વાદ લેવા માટે જાય છે ત્યારે પૂજ્ય શ્રી 'મા' પોતાના વરદ હસ્તે બધા બટુકોને અને માતા-પિતાને મસ્તક ઉપર ચાંદલો કરી અને રક્ષાકવચ ખેસ પહેરાવી આશીર્વાદ આપે છે. પછી બટુકોને પ્રભુનું બાળ સ્વરૂપ અને માતા-પિતાને બધાના હૃદય કમળને સ્પર્શી જાય એવા કમળમાં બિરાજમાન આપણા 'મા'-પ્રભુના સ્વરૂપ આપે છે. પૂજ્ય શ્રી પ્રભુના સ્વરૂપને પાલખીમાં પધરાવી સતત સતત પૂજ્ય શ્રી 'મા'ના સાંનિધ્ય સાથે ધૂન અને ગરબાની રમઝટ સાથે પાલખીયાત્રા કરી યજ્ઞોપવીત મંડપમાં સ્થાપિત મંદિરમાં પ્રભુના સ્વરૂપનું સ્થાપન કરવામાં આવે છે. પાલખીયાત્રામાં 'મા' સતત બાળકોની સાથે જ રહી એ બાળકોના આનંદમાં ખૂબ ખૂબ વધારો કરે છે. પૂજ્ય શ્રી વહાલાં 'મા' ખૂબ ખૂબ પ્રસન્ન છે. ખૂબ પ્રેમ અને હાસ્ય સાથે બધાને મળે છે જાણે ભગવાન નગરયાત્રા માટે નીકળ્યા હોય એમ 'મા' પોતે બધા ભક્તો સાથે પાલખીયાત્રા કરી બધા જ ભક્તોનો આનંદ વધારે છે. આવનાર આમંત્રિત સ્વજનો પણ 'મા'ના આ અદ્ભુત પ્રેમને જોઈને પ્રસન્ન થાય છે. એ બધા પણ સતત 'મા'નું સાંનિધ્ય, પ્રેમ, હાસ્ય, પ્રસાદ પામી ધન્ય થયાં. યજ્ઞોપવીત બટુકોની સાથે સાથે પૂજ્ય શ્રી'મા' બીજાં નાનાં બાળકોને પણ એટલો જ પ્રેમ, પ્રસાદ અને આશીર્વાદ આપે છે. સાથે સાથે આવનાર સ્વજનો 'મા'ના સત્સંગનું પણ સાંનિધ્ય પામ્યા.

સત્સંગમાં પૂજ્ય 'મા'ની સ્લેટ : ''આ જનોઈનો બધો જ ભાર

કુટિયામાં બેઠેલા પ્રભુએ ઉપાડ્યો છે. કોઈની પાસે હાથ લાંબો કરી ભીખ માંગી નથી. પ્રભુએ જ બધું સંભાળ્યું, બધું નોંધ્યું, બધું જ પાર પાડ્યું. તમારા ભોજનના થાળ પણ પ્રભુએ જ સંભાળ્યા છે. કોઈ પાસે મફત કશું જ નથી લીધું. જમવાથી લઈ ને આખો પ્રસંગ પ્રભુ એ જ પાર પાડ્યો પ્રભુના અનંત ઉપકાર છે. એમણે આપના સંકલ્પને શ્રેષ્ઠ રીતે પૂર્ણ કર્યો છે. એક રૂપિયાની કોઈની પાસે મદદ નથી લીધી. આ આખું પર્વ પ્રભુનું છે. સંપત્તિમાં પણ સ્થિરતા રહે. આરોગ્યની રક્ષા થતી રહે. સર્વ વાવાઝોડાથી રક્ષાયેલા રહેવાય.'' એટલે આ બટુકો માટે ચાંદીની રક્ષા.

'મા' કહે :

આપણું આટલું મોટું કાર્ય પ્રભુએ પાર પાડ્યું તો પ્રભુ માટે પ્રભુને આપણે આપણી એક અતિ પ્રિય ચીજ આપવી છે. તો હે પ્રભુ લો અમારી એક રાતની ઉંઘ તમારા શ્રીચરણોમાં અર્પણ કરીએ છીએ. નવ માતા ને નવ પિતા ૧૮ સ્વજનો દરેક સ્વજન પોતાની બે બે કલાકની ઊંઘ અર્પણ કરે પ્રભુ ને તો ઉત્તમ. બધા બે બે કલાકના વારા બાંધે ને મંડપમાં આ પ્રભુ ઊભા છે તેમને કંપની આપે. જેમણે આપણો હિમાલય જેવડો ભાર હળવો કર્યો તો તેમને આજની રાત જપ કરી, પાઠ કરી, ધ્યાન કરીને અર્પણ કરી કોણ કોણ તૈયાર છે. એ રીતે રાતના ૧૨ વાગ્યા થી સવારના ૬ વાગ્યા સુધી સ્વર્ગારોહણમાં સાધનાનું પર્વ ઉજવાશે. જેમને જેમને રસ છે જાગવાની શક્તિ છે તે નામ નોંધાવે. હમણાં આપણે દોડી લઈશું પ્રભુને પકડવા.

પ્રસંગના અંતે 'મા' પાસે બાળકો અધધધ...પ્રસાદ, પ્રેમ પામી બધા બાળકો એટલા પ્રસન્ન થઈ ગયા. 'મા' પણ એટલાં પ્રસન્ન હતાં. બાળકોની સાથે સાથે આવનાર દરેક સ્વજનો પણ 'મા'ના

ભરપૂર પ્રેમ અને પ્રસાદ પામ્યા સ્વર્ગારોહણમાં આવનાર દરેક વ્યક્તિ ખુશ હતી. દરેકના મનમાં એક અલગ જ આનંદ હતો. એક અલગ જ સંતુષ્ટી હતી. ઘણાં સ્વજનો કહી રહ્યાં હતાં આવતાં પહેલા તો અમે એ વિચારતાં હતાં કે કડક નિયમો સાથે સ્વર્ગારોહણમાં કેમ ફાવશે. પણ આવ્યા પછી એમને જે પ્રેમ, પૂજ્ય શ્રી'મા'ના દર્શન અને આનંદ મળ્યો એના પછી તો દરેક વ્યક્તિએ મનથી સંતુષ્ટ થઈને સ્વર્ગારોહણમાંથી વિદાય લીધી. અને કહીને ગઈ કે અમને સ્વર્ગારોહણ ખૂબ ગમ્યું. અમે હવે 'મા'ના દર્શન કરવા માટે ફરી જરૂરથી આવીશું.

જે પૂજ્ય શ્રી'મા'ને ઓળખી ગયા એ પામીને ગયાં બાકીનાં દર્શન કરીને ગયાં. ધન્ય છો આપ..ધન્ય છે આપની ગુરુભક્તિ..હે મા ! આવી ગુરુભક્તિ અમને પણ આપજો આપના શ્રી ચરણોમાં સદાય રાખજો આવો પ્રેમ સતત અમારી પર વરસાવતા રહેજો.

'મા'ના ચરણોમાં પ્રાર્થના કરું છું. 'મા'ને ગમે તેવું જીવન બને તેવી કૃપા કરજો. 'મા' અમારા માં રહેલા દોષ, દુર્ગુણ દૂર કરવા માટે મારી પાસે નામસ્મરણ, જપ, તપ, સાધના, પ્રણામ, પૂજા, સત્કર્મ કરાવજો તેવી પ્રાર્થના કરું છું. 'મા' મને તન, મન અને ધનથી સ્વસ્થ રાખજો. આ 'મા'નો બાળક 'મા'ને ભૂલે નહિ અને 'મા' મને ભૂલવા ના દે તેવી આપ જ કૃપા કરજો. 'મા'નાં ચરણોમાં ખૂબ ખૂબ શ્રદ્ધા ભક્તિ અને નિઃસ્વાર્થ પવિત્ર પ્રેમ જન્મોજન્મ રહે તેવી અંતરથી પ્રાર્થના કરું છું.

નિત્ય 'મા'નો પ્રિય બાળક બને તેવી સદ્‌બુદ્ધિ અને સારા સંસ્કાર આપજો. નિત્ય 'મા'નો જ છે.

**—શ્રી મોના જોશી**

# ॥ બટુક વચન – પરિવાર ॥

## (‘અવિસ્મરણીય, અકલ્પ્ય, અદ્‌ભુત યજ્ઞોપવીત પર્વ’)

(માતૃશ્રી)

અમે જ્યારે તા.૧૩/૦૨/૨૦૨૫ના રોજ સ્વર્ગારોહણ તીર્થમાં આવ્યા એટલે જેવી પૂજ્ય શ્રી‘મા’ને જાણ થઈ એટલે તરત જ પહેલાં જ મને અને બન્ને બટુક, નિત્ય અને વચનને પૂજ્ય શ્રી‘મા’એ બોલાવ્યા અને પૂજ્ય શ્રી‘મા’ એ કહ્યું કે આ બન્ને બટુકોને જોઈને પૂજ્ય શ્રી ‘મા’ને હાશ થઈ.

પૂજ્ય શ્રી‘મા’ એટલા બધાં પ્રસન્ન હતાં. પૂજ્ય શ્રી‘મા’એ ઉપનયન સંસ્કાર માટે એટલી બધી તૈયારી કરી હતી કે તે આપણા કોઈના વશની વાત નહોતી, આપણે જો આપણા ઘરે આ પ્રસંગ કર્યો હોત ને તો આની અડધી તૈયારી પણ આપણે કદાચ ના જ કરી શક્યા હોત.

પૂજ્ય શ્રી‘મા’એ ૧૩ અને ૧૪ બંને દિવસે જે પણ બટુકો સ્વર્ગારોહણ તીર્થમાં હતા તે સૌ બટુકો માટે થોડી થોડી વારે પ્રસાદ મોકલાવતા રહેતાં જેમ કે જ્યુસ આવે, બિસ્કિટ આવે, ચૉકલેટ આવે આમ કંઈ ને કંઈ પૂજ્ય શ્રી‘મા’ સતત મોકલતાં જ રહેતાં હતાં. આ બધા બટુકો જાણે રાજાના બાળકો હોય તેમ જ લાગતું હતું.

“મૈયાજી મેરે દયાલુ બડે તુમ, બહાતી રહો કરુણા યું હરદમ”

પૂજ્ય શ્રી‘મા’ એ એટલી બધી તૈયારી કરી હતી કે પૂજ્ય શ્રી‘મા’ના બધા રૂમ જાણે પ્રસાદથી જ ભરેલા હતા. અને એ પણ ખાલી પ્રસાદ લાવીને મૂકી દીધો હતો, એમ નહિ પણ થોડા થોડા અંતરે એની વિગત સાથે પ્રસાદ મૂક્યા હતા.

પછી તા.૧૫ અને તા.૧૬ બન્ને દિવસ જીવનમાં

અવિસ્મરણીય દિવસ બની ગયા હોય એમ લાગે છે કારણ કે કોઈએ સ્વપ્નમાં પણ નહિ વિચાર્યું હોય તેનાથી પણ સરસ પૂજ્ય શ્રી'મા'એ આ ''યજ્ઞોપવીત સંસ્કાર પર્વ''નું આયોજન કર્યું હતું.

ખૂબ સરળતાથી બધાંને સમજાઈ જાય એવી વિધિ શ્રી સ્નેહલભાઈએ કરાવી. હે પૂજ્ય શ્રી'મા' આપે ખાલી બટુકોને જ નહિ પણ તેમના પરિવારજનોનું પણ એટલું જ ધ્યાન રાખીને અને તે બધા પર પણ પ્રસાદનો વરસાદ વરસાવી દીધો હતો. અને બટુકોની તો શું વાત કરીએ પૂજ્ય શ્રી 'મા' આપ તો બધા બટુકો પર પ્રેમ અને પ્રસાદની હેલી એવી વરસાવી કે સૌ કોઈ જોતા જ રહી ગયા.

''અગણિત છે તારા ઉપકાર, ભવસાગરથી પાર ઉતાર. આશિષ ધરી દે આજ અહીં ઉપકારોને ભૂલીએ નહિ.''

હે પૂજ્ય શ્રી'મા' આપે જે કર્યું છે એની માટે thank you શબ્દ તો ખૂબ જ નાનો લાગે છે. હે પૂજ્ય શ્રી'મા' આ ઋણ હું જન્મોજન્મ પછી પણ પૂરું નહિ જ કરી શકું, પણ હે પૂજ્ય શ્રી 'મા' આપનાં શ્રી ચરણોમાં જન્મ જન્માંતર સુધી રાખજો અને જન્મોજન્મ આપ સાથે જ રહેજો.

પૂજ્ય શ્રી'મા' લખવું તો બહુ બધું છે પણ પૂજ્ય શ્રી 'મા' યજ્ઞોપવીતનો દિવસ જ્યારે સ્મરણપટ પર આવે ને ત્યારે તો પૂજ્ય શ્રી 'મા' એવું જ થાય કે આપના નિર્દોષ, નિસ્વાર્થ પ્રેમની આગળ જાણે અમારા શબ્દો ખૂટી પડ્યા. અમારી વાણીએ જાણે વિરામ લઈ લીધો હોય તેમ અનુભવ્યું.

હે પૂજ્ય શ્રી 'મા', મા પ્રભુ, Thank you, Thank you, Thank you so much for everything.

—શ્રીરુતા

(પિતાશ્રી)

પૂજ્ય શ્રી ‘મા’ પ્રભુના શ્રી ચરણોમાં કોટિ કોટિ પ્રણામ પ્રણામ પ્રણામ

તા.૧૫/૦૨/૨૦૨૫ અને તા.૧૬/૦૨/૨૦૨૫ અમારી જિંદગીનો સૌથી યાદગાર દિવસ. જ્યાં સ્વર્ગારોહણ જેવી તીર્થભૂમિ હોય અને પૂજ્ય શ્રી ‘મા’ પ્રભુનું સાંનિધ્ય હોય ત્યાં આપણો પ્રસંગ થવો એ આપણા માટે ફક્ત સ્વપ્નુંજ કહેવાય. પણ હે પૂજ્ય શ્રી ‘મા’ પ્રભુ આપે અમારા સ્વપ્નાને સાકાર કર્યું અને અમને વચનની જનોઈ થકી એક માધ્યમ બનાવ્યા. હે પૂજ્ય શ્રી ‘મા’ અમારી પાસે ના શબ્દકોષમાં એવા કોઈ જ શબ્દ નથી કે આ યજ્ઞોપવીત સંસ્કારના પર્વનું વર્ણન કરી શકું. ખાલી અમે તો પૂજ્ય શ્રી ‘મા’ પ્રભુને જપતા રહ્યા અને પ્રસંગ ક્યાં પૂર્ણ થઈ ગયો એની ખબર જ ના પડી. એટલો સુંદર અને અવિસ્મરણીય પ્રસંગ હતો કે સ્વર્ગારોહણથી ઘરે પાછા આવવાનું મન પણ થતું નહોતું અને ઘરે પાછા આવીને પણ ગમતું નહોતું.

પૂજ્ય શ્રી‘મા’ પ્રભુ જેવા ભગવાન આખા વિશ્વમાં કોઈ જ નહિ હોય. મને એવું થઈ ગયું કે કેમ મારું બાળપણ આપનાં શ્રી ચરણોમાં ના વિત્યું, પણ પૂજ્ય શ્રી ‘મા’ હવે એવા કૃપા આશીર્વાદ આપજો કે હવે પછીની મારી જિંદગી આપનાં શ્રી ચરણે જ વીતે અને આવનારાં મારાં બધા જ જન્મોમાં હું જન્મથી પૂજ્ય શ્રી ‘મા’ પ્રભુના શ્રીચરણોમાં સદા રહું એવી પ્રાર્થના.

પૂજ્ય શ્રી ‘મા’ બધા જ જનોઈમાં પધારેલા બધા જ મહેમાનો એવું કહેતા હતા કે આવી અદ્‌ભુત જનોઈ અમે ક્યાંય

પણ જોઈ નથી. અને વચન ખૂબ જ ભાગ્યશાળી છે કે સ્વર્ગારોહણની પાવન ભૂમિમાં જનોઈ પામ્યો, અને બધાંને એવું હતું કે પૂજ્ય શ્રી 'મા' ક્યારે આપણને બોલાવે અને ક્યારે આપણે એમના આશીર્વાદ લઈ લઈએ. હે પૂજ્ય શ્રી 'મા' આપની કૃપા અને આશીર્વાદથી બધા જ પાવન થયા. બધા ખૂબ જ ખુશ હતા. એવું પણ કહેતા કે પૂજ્ય શ્રી 'મા' એ આપેલો પ્રસાદ એટલો બધો અમૃત સમાન છે કે આવો પ્રસાદ અમે ક્યારે ગ્રહણ નથી કર્યો.

અને આપણા સ્નેહલભાઈ એ ખૂબ સુંદર અને સરળ વિધિ કરાવી. અને જનોઈ કેમ કરવામાં આવે છે અને જનોઈનું મહત્ત્વ શું એ પણ સમજાવ્યું. આપણા સ્વર્ગારોહણના સાધકો/ભક્તોએ પણ ખૂબ જ પ્રેમથી અને હસતા મુખેથી સેવા કરી અને અમને સૌને સહેજ પણ તકલીફ પડવા નથી દીધી.

હે પૂજ્ય શ્રી 'મા' આપના અનંત પ્રેમની વર્ષા જોઈ. આવીને આવી જ રીતે આમારા સહુ પર પ્રેમની કૃપાવર્ષા કરતા રહેજો એવી પૂજ્ય શ્રી 'મા' પ્રભુના શ્રી ચરણોમાં પ્રાર્થના.

ગુરુવર આપની મીઠી છાયા...!
જીવનનૈયા પાર ઉતારે એવી આપની માયા...!
શબ્દે શબ્દે ગુરુ તમે તો અમૃતનાં જળ પાયાં...!
ગુરુવર આપની મીઠી છાયા...!

Thank you Maa, Thank you Maa, વચનની જનોઈમાં અમને નિમિત્ત બનાવ્યાં અને આટલો બધો પ્રેમ આપવા માટે.

**—શ્રી નિર્મલ જોશી**

# ॥ બટુક વરદ – પરિવાર ॥

**('સ્વપ્નમાં પણ ના વિચારી શકાય એવું ભવ્ય આયોજન 'મા' તમે કર્યું')**

(વરદની નાની બહેન)

પૂ.શ્રી'મા', તમે મને બહુ ખુશી આપી છે. 'સ્વર્ગારોહણ'માં આવેલા દરેક ભક્તને 'મા'એ પ્રસાદ આપ્યો.

તમે મને એવું કાર્ય આપ્યું જે મારા માટે ખૂબ મોટું હતું. 'મા'એ મને બધા આવેલા દરેક બટુકોના સ્વજનને ચાંદલો કરાવ્યો. હું 'મા'ની લાડલી અભયા છું. દાદા અને દાદીના લીધે મારા ભાઈ વરદની જનોઈ 'મા' પાસે થઈ. હું નવ બટુકોની નાની એક જ બહેન હતી. ગરબામાં ખૂબ નાચ્યાં. 'મા'નાં કહેવા પર મેં દીપ ડાન્સ કર્યો. 'મા'એ મને ખૂબ આશીર્વાદ અને પ્રસાદ આપ્યો.

**–શ્રીઅભયા**

(માતુશ્રી–પિતાશ્રી)

હે 'મા' ભગવતી, તમને અમારા પ્રણામ.

તમારી હાજરીમાં અમારો આ પ્રસંગ કરવા માટે 'મા' તમને કોટિ કોટિ પ્રણામ. સ્વપ્નમાં પણ ના વિચારી શકીએ એવું ભવ્ય આયોજન 'મા' તમે કર્યું. 'મા' તમે અમારા દરેક સ્વજનને આવકાર આપી 'મા'નો પ્રસાદ આપ્યો અને સમય કાઢી દરેકને દર્શનનો લાભ આપ્યો એ માટે 'મા' તમને અમારા કોટિ પ્રણામ. આ પ્રસંગ અમારા માટે અવિસ્મરણીય છે. હે 'મા' ! આવો પ્રસાદનો વરસાદ અમારા પર સતત વરસાવતા રહેજો. પ્રણામ 'મા'.

**શ્રી પૂજા–વૈભવ ભટ્ટ**

# || બટુક વિયાન – પરિવાર ||

**(‘Our son was fortunate to have his yanopavit ritual done with the abundant blessings of Pu. Maa.’)**

(માતુશ્રી)

Pujya Prabhu and Pujya Maa ke charno mein koti koti pranam.

Our son Viyan Datar Trivedi was fortunate to have his Yagnopavit ritual done with the abundant blessings, love and care from Pujya Prabhu and Pujya Maa. Pujya Maa asked us all parents to pen down what they felt. Honestly the blessings and love ushered by Pujya Prabhu and Pujya Maa can’t be written down in words at all, they are feelings to be cherished for the entire life.

The entire occasion was like a big festival and a glorious event. Even with we being his parents wouldn’t have been able to pull through his Yagnopavit ceremony so seamlessly at all, All our relatives were also well taken care of during the entire occasion. And being in the presence of Pujya Maa for 2 whole days and Viyan being able to sit with Pujya Maa so up and close, almost live with her during the day..what a fortune this boy has come with..wish I could get such an opportunity too. Each and every small thing was taken care of right from the things needed to perform the Yagnopavit, to batuks pitamber to their rathyatra clothes. Their rathyatra clothes are amazing, beautiful lavender pastel colour. Pujya Maa made sure all the

batuks looked like a prince. Nothing was left out, each and every thing was to perfection as usual. The prasad was awesome on both the days and the besan ladoo given after the Yagnopavit was so delicious I still can remember the taste. The suitcase full of prasad received by Viyan was so overwhelming for him that he couldn't figure out how to organise all of these in one. I loved the rakhi that Pujya Maa gave, Viyan keeps it under his pillow at night while sleeping, says it's his protection shield. Viyan wore the tricolour pheta even on next day as for him it was the best gift ever. The most important thing is when Pujya Maa realised she forgot to give the batuks caps for them to wear to school she organised it in a day and sent through asap because she knew we were leaving for Australia soon.

While writing this down I went through the memory lane again and lived through the entire two days experience and it brought tears in my eyes thinking what if would have missed this because originally we weren't able to make it due to work commitments. But Pujya Maa and Pujya Prabhu made sure it all happened by us being able to go to Australia and come back in just 10 days. We were able to get the tickets quickly, accomodation for all our guest and train tickets too. And how great is Pujya Maa she was happy because my dream of Viyan getting Janoi from Pujya Maa was fulfiled by their blessing.

—શ્રી શામિકા

# ॥ બટુક વિહાન – પરિવાર ॥

**('વિહાનને અમે તો ફક્ત જન્મ આપ્યો છે, પણ ખરા અર્થમાં જન્મ પૂ.શ્રી પાસેથી જનોઈ મળી તેથી થયો.')**

(માતુશ્રી)

ૐ 'મા' શબ્દો નથી મારી પાસે પોતાના મનની વાત જણાવવા માટે છતાં પ્રયત્ન કરીશ કે કંઈક લખી શકું. પૂજ્ય શ્રી 'મા' આપ મદદ કરશો મારા શબ્દોને વાચા આપવા માટે.

વિહાનની જનોઈ એટલે મેં દશ વર્ષ પહેલાં જોયેલું એક ખુલ્લી આંખોનું સ્વપ્ન ! જ્યારે અર્પિતાબહેનના મોક્ષ (ભાણાભાઈ)ની જનોઈમાં અમે આવ્યાં હતાં અને જોગાનુજોગ એ જ સમયે વિહાનની અમે બાબરી બહુચરાજી અને અંબાજીમાં સંપન્ન કરી હતી. વિહાનની બાબરીની વિધિ સંપન્ન કરી અમે મોક્ષની જનોઈ માટે રોકાયાં હતાં.

હું એ વખતે સ્વર્ગારોહણતીર્થમાં પહેલી વખત આવી અને ત્યાં આવી પૂજ્ય શ્રી 'મા'નાં દર્શન કર્યા જ્યારે પૂજ્ય શ્રી 'મા' દરેક બટુકને ચંદનનો લેપ પોતાના કરકમળોથી લગાડી રહ્યા હતા. ત્યારે મારા મનમાં એક વિચાર આવ્યો અને થોડું મનમાં દુઃખ થયું કે અમે પણ વિહાનની બાબરી પૂજ્ય શ્રી 'મા' પાસે સ્વર્ગારોહણતીર્થમાં કરી હોત તો મારા બાળકને પૂજ્ય શ્રી 'મા'ના હાથે ચંદનનો લેપ મળતો ! બસ આ એક વિચાર આવ્યો અને જાણે પૂજ્ય શ્રી 'મા'ને એ શબ્દો. એ પ્રાર્થના સંભળાઈ ગઈ હોય એમ, એ જ સેકન્ડમાં એ પૂજ્ય શ્રી 'મા' એ

સ્ટેજ પરથી ઇશારો કર્યો અને મને સ્ટેજ પર બોલાવી અને વિહાનને ઉપર લઈને આવવા માટે જણાવ્યું. અને એ ક્ષણે હું તો એકદમ સ્તબ્ધ બની ગઈ અને જાણે મને વિશ્વાસ જ નહોતો આવતો કે પૂજ્ય શ્રી 'મા' મને બોલાવી રહ્યાં હતાં. હું પૂજ્ય શ્રી 'મા' પાસે ગઈ અને પૂજ્ય શ્રી 'મા' એ વિહાનના માથે પોતાના દિવ્ય કરકમળોથી ચંદનનો લેપ કર્યો. પૂજ્ય શ્રી 'મા' આપે જે પ્રેમ વરસાવ્યો એના માટે મારી પાસે કોઈ શબ્દો નથી.

વિહાનની જનોઈ માટે બે વર્ષ પહેલાં જતન (મારા પુત્ર) સાથે પૂજ્ય શ્રી 'મા'ને કહેવડાવ્યું હતું તો એ વાત પૂજ્ય શ્રી 'મા' એ વાત મનમાં યાદ રાખી અને હમણાં જ્યારે અમને જાણ થઈ કે વિહાનનું નામ પૂજ્ય શ્રી 'મા' એ ઉપનયન સંસ્કાર માટે સૂચવ્યું છે અને તે ધન્ય ક્ષણે અમે તો ધન્યતા અનુભવતા હતા અને આંખમાં અશ્રુના પૂર આવી ગયાં.

જનોઈપ્રસંગ પૂજ્ય શ્રી 'મા' અને પૂજ્ય શ્રી પ્રભુના આશીર્વાદથી સ્વર્ગારોહણતીર્થમાં સંપન્ન થાય એ સ્વપ્ન સાચું થયું. અને તે પણ એક સુખદ સ્વપ્ન જેવું જ હતું.

સ્વર્ગારોહણતીર્થના આટલા દિવ્ય, પવિત્ર વાતાવરણમાં જ્યારે પ્રસંગ પ્રારંભ થયો અને પૂજ્ય શ્રી 'મા'ના સાન્નિધ્યમાં આશીર્વાદોની વર્ષાથી અમારું તો જીવન ધન્ય થઈ ગયું. વિહાનને તો ફક્ત જનમ અમે આપ્યો છે પણ ખરા અર્થમાં જનોઈ પૂજ્ય શ્રી 'મા' પાસેથી મળી જેથી આ બાળકનો ખરા અર્થમાં જન્મ થયો છે. અને પૂજ્ય શ્રી 'મા' એ બાળકને જન્મોજન્મ પોતાના અંકે રાખે એવી પ્રાર્થના. સ્વર્ગારોહણ

તીર્થના બદલે જો જનોઈ આપણા ઘરે કરીએ તો પણ કંઈક આમાંથી તો રહી જ જાય. પરંતુ પૂજ્ય શ્રી 'મા' એ જે વ્યવસ્થા કરી હતી અને જેટલા આશીર્વાદ વરસાવ્યો છે તે અમને તો ખરા જ પણ અમારા પરિવારના બધાંને પણ એ જ પ્રેમથી આશિષ આપ્યા. અરે વ્યવહારમાં પણ પૂજ્ય શ્રી 'મા' એ દરેક સ્વજનને યાદ રાખ્યા. અને નવ બાળકો અને એ બધાના પરિવાર આટલા બધાંનું એકદમ સરસ રીતે સ્વાગત અને સત્કારનું આટલું સરસ કાર્ય તો પૂજ્ય શ્રી 'મા' જ કરી શકે.

મને રોજ એવું લાગે કે મેં મારા ગયા જન્મે કે આ જન્મમાં કંઈક સારા કર્મ કર્યા હશે જેના ફળસ્વરૂપે મને પૂજ્ય શ્રી 'મા' સર્વેશ્વરીનાં દર્શન થયાં. મારા પુત્રને જનોઈ આપી પૂજ્ય શ્રી 'મા', અમે તો જનમોજનમના ઋણી થઈ ગયા.

પૂ.શ્રી 'મા' આ ઋણમાંથી કદી મુક્ત થવા નથી માગતી, જેથી હંમેશાં તમારાં દર્શને આવતી રહું. પૂજ્ય શ્રી 'મા' તમે હંમેશાં અમને અંકે લેજો અને અમારી પાસે સત્કર્મ કરાવી અને અમે સાચા માર્ગે ચાલતા રહીએ તેવા કૃપા આશીર્વાદ આપજો.

પૂ.શ્રી 'મા' સર્વેશ્વરી અને પૂજ્ય શ્રી યોગેશ્વરજી પ્રભુ આપ હંમેશાં શક્તિસ્વરૂપ બની અમારી સાથે રહેજો. હંમેશાં સાચો માર્ગ બતાવજો અને આપના આશીર્વાદની વર્ષા વરસાવતાં રહેજો. જનોઈનો પ્રસંગ અધ્યાત્મ અને પૂરી શાસ્ત્રોક્ત પદ્ધતિથી સંપન્ન થયો.

**—શ્રી અમી જોશી**

# ।। બટુક શુભમ્ – પરિવાર ।।

**(શુભમ્‌ની બાબરી (૨૦૧૬) અને ઉપનયન સંસ્કાર (૨૦૨૫) બંને અવસરો 'મા' પ્રભુની સંનિધિમાં 'સ્વર્ગારોહણમાં થયા એ જોગાનુજોગ નથી, સંપૂર્ણ રીતે દૈવી છે.')**

(માતુશ્રી)

યજ્ઞોપવીત સંસ્કાર પર્વ ફેબ્રુઆરી – ૨૦૨૫.

''ઉપનયન એટલે શું ? ઉપનયન એટલે પાસે લઈ જવું. વેદની દીક્ષા માટે સદ્‌ગુરુ પાસે લઈ જવું.'' આ અર્થની અમને ખબર નહોતી, અમારે મન તો એને જનોઈ, મુંજ વગેરે જે તેના સામાજિક અર્થ કહેવાય તેની જ જાણ હતી ! પણ આપણા ''ૐ મા'' તો આપણને દરેક અગત્યની વાતની કે પર્વની પા..પા..પગલી ભરાવે. અને આજે આ પા..પા..પગલી ભરવા અમે નવ માતા-પિતા અને બટુકો 'મા'-પ્રભુના કૃપા આશીર્વાદથી સ્વર્ગારોહણમાં હાજર હતાં. સ્વર્ગારોહણમાં તા.૧૫/૦૨/૨૦૨૫ થી તા.૧૬/૦૨/૨૦૨૫ ''ૐ મા''ની ફૂલવાડીનું જાણે રાજ ના હોય તેમ બધે આ ખિલખિલતાં બાળકોના પોસ્ટર્સથી સ્વર્ગારોહણ સજાવેલું હતું. અને ''ૐ મા''ની વિશેષતા પણ એવી કે દરેક પર્વને એકબીજા સાથે જોડી દે. ઉપનયન પર્વની સાથે સાથે તા.૧૫/૦૨/૨૦૨૫ના રોજ સત્કર્મનું પણ આયોજન કરેલું જેનાથી લગભગ ૧૧૫ બહેનોને આ સત્કર્મથી લાભ મળ્યો. નવ બટુકોના હસ્તે મગ, ચોખા, ગોળ, તલ, લોટો, ટુવાલ, છાસ, સોનપાપડી, ચવાણું અને શ્રી લક્ષ્મીજીનો પ્રસાદ આ બહેનોને વિતરણ કરવામાં આવ્યો.

અમે પોતાને ખૂબ ભાગ્યશાળી માનીએ છીએ, કારણ શુભમ્‌નું પહેલું મુંડન (બાબરી) ડિસેમ્બર – ૨૦૧૬ ''ૐ મા''ની હાજરીમાં સ્વર્ગારોહણમાં થયેલું અને નવ વર્ષની ઉંમરે એના ઉપનયન સંસ્કાર પણ ''ૐ મા'' અને પ્રભુની પ્રત્યક્ષ સંનિધિમાં સ્વર્ગારોહણમાં થયા. આ ઘટનાનો અનુભવ માત્ર આ એક ધાર્મિક વિધિ પૂરતો નથી પરંતુ એ શુભમ્‌ના જીવનમાં એક દૈવી તબક્કાનો આરંભ છે. અને આ અનુભવને શબ્દોમાં વર્ણન કરવું ખૂબ અઘરું છે. આ નવા આરંભ, પવિત્ર વિધિ અને આ અસામાન્ય દૈવી સ્થળ – તે બધું એ બતાવે છે કે આ અવસર એ માત્ર એક જોગાનુજોગ નથી, પરંતુ સંપૂર્ણ રીતે એક દૈવી માર્ગદર્શન અને આરાધના છે. સ્વર્ગારોહણમાં જ્યાં 'ૐ મા'

અને પૂજ્યશ્રી પ્રભુના સતત કૃપા આશીર્વાદ છે.

જ્યારથી આ પ્રસંગની તારીખ નક્કી થઈ હતી, ત્યારથી 'ૐ મા' એ બધી તૈયારીઓ શરૂ કરી દીધી હતી. અને અમને કહેવામાં આવ્યું હતું કે, બટુકને સાચવીને, સંભાળીને સ્વર્ગારોહણમાં ૧૫ ફેબ્રુઆરી સુધી લઈ આવવાના. ''બટુકને કંઈ વાગવું જોઈએ નહિ, બીમાર પડવો જોઈએ નહિ'' દરેક નાનકડી વિગત પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું Ensuring everything has to be perfect. આ બધામાં જે 'ૐ મા'નો પ્રેમ અને વિચારશીલતા છે, તે આ પ્રસંગને વિશેષ બનાવે છે. પ્રસંગમાં આવનાર મહેમાનો, સત્સંગીઓ દરેક માટે કાળજી, પ્રેમ અને આવકાર એ આપણા 'ૐ મા' જ કરી શકે છે.

આ પ્રસંગ અમારા માટે તો અદ્‌ભુત જ હતો. વૈદિક રીતે, પદ્ધતિસર અને અપ્રતીમ કૃપાથી સ્નેહલભાઈ અને તેમના સાથેના પંડિતજીઓએ મળીને આખા પ્રસંગને દિપાવી દીધો હતો. તારકભાઈના હાથે જે થાળ પિરસાયા હતાં તે તો ભૂલાય એવા નથી. હેમલભાઈ અને તેમની ટીમ પણ બધું વીડિયોમાં ઉતારવા સજ્જ હતા, બધાં જ સ્વર્ગારોહણનાં સ્વજનોનો અમે દિલથી આભાર માનીએ છીએ. અનીલમાસા અને મીનામાસીને તો જરાય ના ભૂલાય. અને સૌથી વિશેષ અમે 'ૐ મા' પ્રભુનાં ઋણી થઈ ગયાં. Thank you for everything. આ તો ખૂબ જ નાનો શબ્દ થઈ ગયો. છતાં Thank you forever om maa prabhu !

**–શ્રી અમી જયેશ ગાયકર**

**(સિંગાપોર)**

(પિતાશ્રી)

स्वर्गारोहण, अंबाजी येथे १६ फेब्रुआरी २०२५ रोजी घडलेला एक पवित्र अनुभव ।

१६ फेब्रुआरी २०२५ या पवित्र दिवशी, स्वर्गारोहण, अंबाजी येथे एक अत्यंत आध्यात्मिक कार्यक्रम पार पडुला, जिथे अनेक भक्त एकत्र आले होते, जेणेकरून त्यांना ओममाच्या दिव्य ज्ञान आणि मार्गदर्शनाचा लाभ घेता आला, सत्संग दरम्यान, ओममानी आपल्या पाटीवर लिहून या प्रसंगाचे महत्त्व स्पष्ट केले आणि सर्वांना या आध्यात्मिक प्रवाहात सहभागी होण्यासाठी आमंत्रित केले ।

या सत्संगाचे विवेचन देवांग भाई यानी गुजराती भाषेत केले

मात्र, ओममाँनी आपल्या अमर्याद कृपेने जाणले की काही महाराष्ट्रीयन कुटुंबे उपस्थित आहेत, ज्यांना गुजराती समजणे कठीण होते, त्यामुले, त्यांनी आपुलकीने अर्पिता बहेन यांना त्या संदेशाचे मराठीत भाषांतर करण्यासाठी प्राचारण केले । हा ओममांचा विशेष प्रयत्न होता, जेणेकरून प्रत्येक भक्तानां या दिव्य शिकवणींचा योग्य अर्थ आणि सार समजावता येईल ।

मी जन्माने मराठी आहे, पण माझे लग्न एका गुजराती कुटुंबात झाले आहे । गेली १२ वर्षे मी स्वर्गारोहणला नियमितपणे जात आहे । त्यामुळे गुजराती भाषा समजायला लागली असली तरीही काही शब्द किंवा अर्थ पूर्णपणे समजून घेणे थोडे अवघड जाते । त्या दिवशी फार थोडेच महाराष्ट्रीयन भक्त उपस्थित होते, तरीही ओममानी अत्यंत जागरुकतेने आणि करुणेने हे जाणले की काही लोकांना हा संवाद समजण्यात अडचण चेत आहे । म्हणूनच त्यांनी स्वतःहून पुढाकार घेत भाषांतराची सोय केली ।

ही गोष्ट माझ्या अंतःकरणाला फारच भिडली । कारण ओममाँ कितीही भक्तगण असले तरी प्रत्येकाच्या गरजा ओळखतात आणि त्यांना त्यांच्या भाषेत समजेल अशा पद्धतीने शिकवण्याचा प्रयत्न करतात । हे पाहून पुन्हा एकदा माझा विश्वास दृढ झाला की ओममांची शिकवत फक्त ज्ञान देणारी नाही, तर ती प्रेम, आपुलकी आणि सर्वसमावेशकतेने परिपूर्ण आहे ।

ओममांचे भक्तांप्रती असलेले प्रेम आणि काळजी यामुळे स्वर्गारोहण हे केवल आध्यात्मिक शिक्षणाचे ठिकाण नसून, प्रत्येक भक्तासाठी एक शांततेचे, ज्ञानाचे आणि प्रेमाचे घर आहे ।

**–श्री જયેશ ગાયકર**

Translated in English...

A Blessed Experience at Swargarohan, Ambaji – 16th February 2025

On the sacred day of 16th February 2025, a deeply spiritual event took place at Swargarohan, Ambaji, where devotees gathered to receive divine wisdom and guidance. During the satsang, Ommaa, with her boundless grace, wrote on her slate to explain the significance of the gathering, inviting everyone to immerse

themselves in the spiritual discourse. The explanation was beautifully delivered in Gujarati by Devang Bhai. However, recognizing that a few families from Maharashtra were present and unfamiliar with Gujarati, Ommaa lovingly called upon Arpita Ben to translate the message into Marathi. This thoughtful gesture ensured that every devotee, regardless of language, could fully grasp the profound teachings being shared.

Being a Marathi by birth and married into a Gujarati family, I have been visiting Swargarohan for the past 12 years. Over time, I have learned Gujarati, yet at times, certain words and deeper meanings can be difficult to fully comprehend for those not accustomed to the language. Despite only a few Maharashtrian families being present, Ommaa, in her infinite wisdom and care, made sure that no one felt left out. Her awareness of even the smlallest needs of the devotees and her effort to bridge the language gap deeply touched my heart.

This moment was a true reflection of Ommaa's omniscience and compassion. It showed how she embraces every individual who comes to Swargarohan, ensuring that they receice her guidance with clarity and love. Witnessing this act of kindness reaffirmed my faith and devotion, reminding me once again of the divine presence that flows through her teachings.

Ommaa's care for each and every devotee is a testament to her boundless love, making Swargarohan not just a place of spiritual learnig but also a home for all who seek her blessings.

—શ્રી જયેશ ગાયકર

# ॥ બટુક શ્લોક – પરિવાર ॥

**('આ આખા કાર્યક્રમમાં પ્રાણ પૂરતાં, આયોજક, જીવને શિવ તરફ લઈ જનારાં પૂ.શ્રી'મા'નો ખૂબ ખૂબ આભાર.')**

(માતુશ્રી)

॥ યજ્ઞોપવીત પર્વ : 'સ્વર્ગારોહણ' તીર્થ ॥

યજ્ઞોપવીત, ઉપનયન સંસ્કાર આ વિધિવત નામ સમજાવે છે કે વૈદિક વિધિથી બાળક પોતાના બાળ સ્વરૂપથી ઉપર ઊઠીને પ્રભુતા તરફ પગલાં મૂકી રહ્યો છે. સ્વર્ગારોહણ તીર્થના આંગણે આ સંસ્કારવિધિમાં ''શ્લોક''ના માતા-પિતા તરીકે અમને આ મંગલોત્સવનો અનુભવ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

આ આનંદોત્સવના પ્રસંગે ફક્ત ૯ બટુક જ નહિ, પણ સર્વ કોઈ બાળક બની કંઈને કંઈ મેળવી ધન્ય થઈ ગયા. જેણે જેટલા ખુલ્લા હૃદયથી આ પ્રસંગમાં પૂજ્ય શ્રી'મા'નાં દર્શન કર્યા, તે શ્રદ્ધા અને ભક્તિથી ઊભરાઈ ગયાં. આ સંસ્કારવિધિમાં સાત્ત્વિક, લૌકિક, વ્યવહારિક અને કૌટુંબિક બધી જ નાની-મોટી તૈયારી પૂજ્ય 'મા'એ કરી હતી. જાણે પ્રેમ અને પ્રસાદનો ખજાનો જાણે પૂજ્ય શ્રી'મા'એ ખોલી દીધો હોય.

આ પ્રસંગે સૌ સ્વજનોને માળા, ગંગાજળ, મીઠાઈ અને શ્રી લક્ષ્મીનો પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો. આ વિધિનો સમગ્ર ખર્ચ પૂજ્ય શ્રી'મા' એજ કર્યો છે; ટ્રસ્ટ અથવા કોઈ સ્વજનોની પ્રસાદી ભક્તોને આપવામાં આવી નથી. કુબેરના ભંડારની જેમ તેમનો પ્રેમ અને પ્રસાદ અખૂટ હતો. અંદાજે ૪૦૦-૫૦૦ ભક્તગણ આ અવસર માણવા આવ્યા હતા.

સ્વર્ગારોહણતીર્થના પ્રાંગણમાં બૅનર પર જનોઈ પ્રસંગને અનુલક્ષીને સરસ સુવાક્યો લખેલાં હતાં. તે વાક્યો ફક્ત બટુકો માટે જ નહિ, પરંતુ સૌને આત્મનિરીક્ષણ તરફ દોરનાર અને જગાડનાર હતા.

તેમાંથી અમુક સુવાક્યો નીચે પ્રમાણે છે.

- જનોઈ એટલે – જીવનમાં નિયંત્રણ માન્ય કરવું.
- જનોઈ એટલે – જીવનનું પરમ લક્ષ્ય નક્કી કરવું.

• જનોઈ એટલે – તેજની ઉપાસના.
• જનોઈ એટલે – વૈદિક જીવનની દીક્ષા
• જનોઈ એટલે – માનવતા ને નમ્રતાનો પાઠ શીખવે.

આ સુવાક્યો વાંચ્યા પછી પ્રાંગણમાં મુખ્ય મંડપ છે. તેની સામે પૂજ્ય શ્રી'મા'ની બેઠક છે અને તેમનાં અખંડ દર્શન થયા કરે. કોઈ અજાણ્યા વ્યક્તિ પણ સ્વર્ગારોહણતીર્થમાં આવે તો તેને ચોક્કસ સમજમાં આવે કે આ કોઈ વ્યવહારિક પ્રસંગ નહિ, એક મા, એક ગુરુએ=સંસ્કાર ઉત્સવની ઉજવણીનો અવસર યોજ્યો છે. તેમાંથી એક અમૂલ્ય ભાથું લઈ લેવાનું છે. જે રીતે માતા બાળકને નિઃસ્વાર્થ પ્રેમ કરે છે, તે રીતે પૂજ્ય શ્રી'મા' સૌ સ્વજનોને ખૂબ પ્રેમથી આવકારે છે. આ અનહદ વરસતા પ્રેમ અને સદ્‌ભાવનો અવસર હતો. આવા ભવ્ય કાર્યક્રમનું આયોજન હોવા છતાં સ્વર્ગારોહણ તીર્થની સમગ્ર પ્રણાલી અને પ્રાર્થના નિયમ પ્રમાણે થઈ રહી હતી. આરોગ્યયાત્રા, મંત્રગાન, જપ સઘળું નિયમ મુજબ થયું.

પ્રસંગનો પ્રારંભ થયો ત્યારે ૧૧૪ પરિવારોને ખાદ્ય પદાર્થો અને શ્રી લક્ષ્મીજીનો પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો. પૂજ્ય શ્રી'મા'એ બાળકોને ધ્વજના રંગની પાઘડી અને ચૉકલેટનો હાર પહેરાવ્યો હતો. અને બટુકો આખા સ્વર્ગારોહણ તીર્થમાં તેને પહેરીને જાણે સ્વતંત્રતાનો ઉત્સવ માણતા હતા. લગભગ દર અડધા કલાકે પૂજ્ય શ્રી'મા' તેમને પ્રસાદ આપતા. તેમની જીભને મીઠી કરતાં કરતાં તેમના કોમળ મન અંતરમાં પૂજ્ય શ્રી'મા'નું દૈવી સ્વરૂપ આલેખાઈ રહ્યું હતું.

"ૐ મા, જય મા"ની એક એક ગર્જના જાણે બાળકોને 'મા' મય કરી રહી હતી, અને સમગ્ર વાતાવરણને પવિત્ર બનાવી રહી હતી. પૂજ્ય 'મા' કહે ગ્રામ્ય દેવતાને પહેલાં પ્રસન્ન રાખવા, એટલે બધાં જ બાળકો, તેમના માતાપિતા સાથે અંબાજી મંદિરમાં દર્શન કરવા અને આશીર્વાદ લેવા ગયા.

ગુરુપૂજનથી પ્રારંભ થયેલી પૂજામાં સંસ્કૃતના શ્લોકોથી વાતાવરણમાં એક કંપન હતું. તો ત્યાં જ પૂજ્ય શ્રી'મા'ની લખેલી પદરચના "જેવો છું તેવો હું"માં સરળતા, સમર્પણ અને

પ્રાર્થનાનો ભાવ હતો. વિધિવત્ પૂજા તો ચાલતી જ હતી પણ બધાંને સમજાય તે માટે હિન્દી અને મરાઠી ભાષામાં પણ તે પદના શબ્દો સમજાવતા હતા. આવે તે પામે જ. તેના માટે ભાષાની પણ મર્યાદા નહિ. મુંડનવિધિ થયા પછી બધા જ બટુકોને પૂજ્ય શ્રી'મા' તરફથી મળેલી પીતાંબરી પહેરાવવામાં આવી હતી.

સૌ બટુકો આધ્યાત્મિક ગુરુકુળના વિદ્યાર્થી જેવા લાગતા હતા. પૂજ્ય શ્રી 'મા'એ સ્વહસ્તે સર્વ બટુકોના મસ્તક પર ચંદનનો લેપ લગાડ્યો ત્યારે પૂજ્ય 'મા'નો પ્રેમ અને બટુકોનું સૌમ્ય નિર્દોષ હાસ્ય-આ દૃશ્ય એક દૈવી દર્શનથી સહેજ પણ ઓછું અંકાય તેમ ન હતું.

જનોઈ એ કોઈ વ્યવહારિક પ્રસંગ નથી કે કામ પતી ગયું. સંસ્કારકેડીમાં આગળ વધવાની એક સીડી છે. તે માટે પૂજ્ય શ્રી 'મા'એ ખૂબ વિચારપૂર્વક બાળકોને પ્રસાદીનો થાળ ધર્યો. મંદિર, 'મા'—પ્રભુનાં સ્વરૂપ, બૉલ, લખવાની નોટ, પ્રણામ પ્રાર્થના, અધધધ..કેટલું બધું. તેમને સમજાતું જ ન હતું કે આનો સંગ્રહ કેવી રીતે થાય ! પછી તે બધું મૂકવા માટે એક મોટી ટ્રોલી બૅગ પણ આપી. બટુકોને જનોઈ પત્યા પછી શેરવાની અને પાઘડી આપી. તે જ્યારે તેમણે પહેરી ત્યારે બધા જ બટુકો પૂજ્ય શ્રી'મા'ના રાજકુંવર જેવા સરસ દેખાતા હતા. વાજતે-ગાજતે ''જય કૃપાળુ મા''ની ગર્જના કરતી કરતી પૂજ્ય શ્રી'મા'ની ફોજ એક શોભાયાત્રા માટે નીકળે છે. જાણે 'મા'ના દરબારનો આ આનંદ ઉત્સવનો ઉલ્લાસ આખી નગરીમાં પ્રસરવો જોઈએ.

આ આખા કાર્યક્રમમાં પ્રાણ પૂરતા, ધબકતા, આયોજન, પ્રયોજનનાં માર્ગદર્શક અને જીવને શિવ તરફ લઈ જનારાં પૂજ્ય શ્રી'મા'નો ખૂબ ખૂબ આભાર. આવો અવસર ન ભૂતો ન ભવિષ્યતિ ! તેના દર્શનીય બની પ્રેમની લીલાને વાગોળવાનું ખૂબ ગમે છે. જન્મોજન્મ અમે તો પૂજ્ય શ્રી'મા'નાં ઋણી છીએ. એમ કહેવાય કે જનોઈમાં ત્રણ દોરા છે અને તેમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો વાસ છે. તેની એક ગાંઠ હૃદય પાસે બાંધી

રાખે છે. અમારા બ્રહ્મા વિષ્ણુ મહેશ એટલે કે પૂજ્ય શ્રી 'મા' પ્રભુ અને સ્વર્ગારોહણનું સાંનિધ્ય અમે પ્રાર્થના કરીએ છીએ કે એ પાક્કી ગાંઠ હૃદય અને મન અંતરને પવિત્ર કરતી રહે અને તમારા શ્રી ચરણે ઠરે તેવી પ્રાર્થના.

હે 'મા'—જેવો છું તેવો હું સ્વીકારી લેજે તું.

પ્રણામ 'મા'.

**—શ્રી પૂજા માવાણી**

(પિતાશ્રી)

॥ ધન્ય 'મા' ! ધન્ય સ્વર્ગારોહણ ॥

અમે ખરેખર ધન્ય છીએ કે ઓમ 'મા'એ સ્વર્ગારોહણમાં અમારા બાળકને યજ્ઞોપવીત સંસ્કાર આપવાનું નક્કી કર્યું.

ઓમ 'મા' એ જે રીતે વ્યવસ્થા કરી હતી અને સમગ્ર યજ્ઞોપવીત સંસ્કાર સમારોહનું સંચાલન કર્યું તે જોઈને હું ખરેખર અભિભૂત છું.

સમગ્ર કાર્યક્રમમાંથી શીખવા માટે ઘણું બધું છે, શરૂઆતથી જ ઓમ 'મા'એ દરેકને આમંત્રણ આપવાની રીત, પહેલી વાર સ્વર્ગારોહણમાં આવનારા બધા નવા મહેમાનોને બધી સૂચનાઓ આપવાનું, જેથી તેઓ સ્વર્ગારોહણમાં હોય ત્યારે જીવનશૈલી અને શિસ્તથી સારી રીતે વાકેફ રહે.

ઓમ 'મા'એ જે રીતે બધા મહેમાનોને પોતાનો પ્રેમ, આશીર્વાદ અને આદર આપ્યો છે તે કલ્પના બહાર છે.

ઓમ 'મા'એ ખૂબ પ્રેમથી આ સંસ્કારવિધિનું મહત્ત્વ સમજાવ્યું અને જાગૃતિ આપી. પ્રસાદના ભંડારથી જાણે જીવન ભર્યું ભર્યું કરી દીધું.

હું ફરી કહેવા માગું છું કે મને ખરેખર ધન્યતા અનુભવાય છે કે ઓમ માતાએ શ્લોકને યજ્ઞોપવીત સંસ્કાર આપવાનું નક્કી કર્યું. ઓમ 'મા', તમારા eternal અને unconditional પ્રેમ અને તમારા આશીર્વાદ માટે આભાર. પ્રણામ મા !

**—શ્રી વિરલ માવાણી**

## ॥ બટુક હેત – પરિવાર ॥

**[અમારા પરિવારની બે પેઢીનાં બાળકો પિતા-પુત્ર (જાગ્રત-હેત)ને પૂ.શ્રી 'મા'ના સાન્નિધ્યમાં દ્વિજ બનવાનો મહામૂલ્ય અવસર આપવા માટે 'મા પ્રભુ', આપનો હૃદયપૂર્વક આભાર.]**

(માતુશ્રી)

પરમ પૂજ્ય 'મા' પ્રભુનાં શ્રી ચરણોમાં ઋત્વિના દંડવત્ પ્રણામ.

હે 'મા' યજ્ઞોપવીત સંસ્કારનું આયોજન એટલે સ્વર્ગસુખનો અનુભવ, આવા આયોજનની કલ્પના સામાન્ય જીવ કરી જ ન શકે.

પૂજ્ય 'મા' પ્રભુએ અમને આ કાર્ય માટે પસંદ કરી અમારા પર કૃપા વરસાવી તે માટે થૅન્ક યુ 'મા'. ખૂબ સુંદર મંડપ, સ્વાદિષ્ટ ભોજન વ્યવસ્થા, પૂ.'મા'ના વરદહસ્તે મળેલી અઢળક ભેટો, શ્રી સ્નેહલભાઈની સમજણ સાથેની ધાર્મિક વિધિ બધું જ અવર્ણનીય છે.

અમે પામર જીવો સદ્ભાગી હતા કે પૂ.'મા' પ્રભુનાં આશીર્વાદ અને સાંનિધ્યમાં સમસ્ત પરિવારની હાજરીમાં યજ્ઞોપવીત સંસ્કારનો આવો અકલ્પનીય લ્હાવો મળ્યો, હે 'મા' પ્રભુ આપનો ખૂબ ખૂબ આભાર.

અમે અબુધ બાળકો કદાચ આને લાયક ન હોઈએ છતાં પૂ.'મા' પ્રભુનાં કૃપા આશીર્વાદ અમારા પર સતત વરસતા રહ્યા.

બાળકોને રાજકુમારની જેમ બગીમાં નગરયાત્રા કરાવી તેની તો કલ્પના પણ ન કરી શકાય તેવી યોજના હતી.

હે 'મા' પ્રભુ ! અમને અને બાળકોને સદા આપના શ્રીઅંકે રાખી

ઉન્નત જીવન જીવવાની પ્રેરણા ધરજો, પૂ.'મા' પ્રભુ ગૌરવ અનુભવે તેવા પવિત્ર અને નમ્ર બનાવવાની આપના શ્રી ચરણે પ્રાર્થના છે.

**–શ્રી રુત્વી જાની**

(પિતાશ્રી)

જીવનના અકલ્પનીય ઉત્સવોમાં આ નવ બટુકોના યજ્ઞોપવીત સંસ્કારનો મહોત્સવ છે. પરિવારની બે પેઢીનાં બાળકો પિતા અને પુત્ર બંનેને પ.પૂ.'મા' પ્રભુનાં સાંનિધ્યમાં દ્વિજ બનવાનો મહામૂલ્ય અવસર આપવા માટે પૂ.'મા' પ્રભુનો અનન્ય આભાર.

જ્યારે બાળકોને યજ્ઞોપવીત આપવાની વાત આવી ત્યારે ક્ષણનાં પણ વિલંબ વિના સહમત થઈ પૂ.'મા'ના આશીર્વાદથી તૈયારીમાં લાગી ગયા.

આખાં કાર્યક્રમનું આયોજન જ્યારે 'મા' ભગવતી કરે ત્યારે તેમાં બમણાં ઉત્સાહથી સહભાગી બનીને સદ્‌ભાગ્ય પર ગૌરવ થાય. પૂ.'મા'ના અથાગ પ્રયત્નથી થયેલા આયોજનમાં સહભાગી થવાનું અમારા ભાગ્યમાં લખાયેલું હતું.

કેવું સુંદર મંડપનું સુશોભન, સ્વાદિષ્ટ ભોજન વ્યવસ્થા, આમંત્રિતોનું સ્વાગત, દરેક નાના મોટા સૌને ધન્યતાનો અનુભવે થયો. સતત દરેક બાળક પર, સ્વજનો પર પૂ.'મા' પ્રભુના આશીર્વાદ અને કૃપા વરસતા રહ્યા. પ્રત્યેક હૃદયે આનંદની કોઈ સીમા ના રહી, આવું સદ્‌ભાગ્ય આપવા માટે પૂ.'મા' પ્રભુનો ખૂબ ખૂબ આભાર અમે આપનાં બાળકો જીવનમાં વધુ ને વધુ ઉન્નતિ કરી પૂ.'મા' પ્રભુનું નામ દિપાવીએ તેવી શક્તિ અને આશીર્વાદ વરસાવતાં રહેજો. સદા આપનાં શ્રી ચરણોમાં રાખજો.

**–શ્રી જાગ્રત જાની**

Regd. No. BVHO/113/2024-2026,
Renewed upto 31-12-2026. R.N.I. No. 71957/99



**Permitted to SPO's Bhavnagar, Posted at RMS Office Bhavnagar on 1st of every month. Total Volume Pages 68, Price per copy Rs.8/- Annual Subscription Rs.25/-**